# આત્મધર્મ

## વર્ષ ૨૬

## સળંગ અંક ૩૦૫

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | May 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૫

રે આત્મા!

તારા જીવનમાં ઉત્કૃષ્ટ વૈરાગ્યના જે પ્રસંગો બન્યા હોય, ને વૈરાગ્યની સીતાર જ્યારે ઝણઝણી ઊઠી હોય...એવા પ્રસંગની વૈરાગ્યધારાને બરાબર જાળવી રાખજે, ફરીફરી તેની ભાવના કરજે. કોઇ મહાન પ્રતિકૂળતા, અપજશ વગેરે ઉપદ્રવ પ્રસંગે જાગેલી તારી ઉગ્ર વૈરાગ્યભાવનાને અનુકૂળતા વખતે પણ જાળવી રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઇશ નહીં.


વળી કલ્યાણકના પ્રસંગોને, તીર્થયાત્રા વગેરે પ્રસંગોને, ધર્માત્માઓના સંગમાં થયેલા ધર્મચર્ચા વગેરે કોઇ અદ્‌ભુત પ્રસંગોને, સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સંબંધી જાગેલી કોઇ ઉર્મિઓને, તથા તેના પ્રયત્ન વખતના ધર્માત્માઓના ભાવોને યાદ કરીને ફરી ફરીને તારા આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરજે.

卐 卐 卐

તંત્રી : જગજીવન બાવચંદ દોશી * સંપાદક : બ્ર. હરિલાલ. જૈન

વીર સં. ૨૪૯૫ ફાગણ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૬ : અંક ૫

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)



ધન્ય એ ફાગણ સુદ બીજ...એ દિવસે હૃદયના આરામ ભગવાન સીમંધરનાથ ભેટયા ને ભક્તોની હૃદયની ઊંડી ઊંડી અભિલાષાઓ પૂરી થઈ...

૨૮ વર્ષ પહેલાનો એ મંગળ પ્રસંગ અદ્‌ભુત અને અપૂર્વ હતો. જીવનમાં પહેલી જ વાર જિનેન્દ્રદેવના પંચકલ્યાણક નીહાળીને મુમુક્ષુ હૃદયોમાં અનેરી ભક્તિ ઉલ્લસતી હતી. ગુરુદેવ વગેરેના રોમેરોમે ભક્તિરસની અચ્છિન્નધારા વહેતી હતી.

સાધકજીવનના સાથીદાર એવા હે વિદેહીનાથ! અમે ભરતક્ષેત્રના ભક્તો અતિ ભાવભીના હૃદયે અહર્નિશ આપને ભજીએ છીએ...અમારા પરમ સૌભાગ્યે આપને સુવર્ણસન્દેશ અમને આ ભરતક્ષેત્રમાં પણ સાંભળવા મળ્યો છે. પ્રભો! આપના વિદેહ પાસે અમારું ભરતક્ષેત્ર તો સાવ ગામડા જેવું, અને તેમાંય અમારું સોનગઢ તો સાવ નાનું, છતાં અમારા ઉપર કૃપા કરીને આપ અહીં પધાર્યા...અને અમને ભરતક્ષેત્રમાં પણ આપની ચરણસેવા આપી, તે આપની પરમ પ્રસન્નતા છે. પ્રભો! આપના પ્રતાપે અમારું આ નાનકડું સોનગઢ પણ અમને તો આપના વિદેહ જેવું જ લાગે છે.–કેમકે આ સૈકામાં જ જેમણે આપના પવિત્રચરણની સાક્ષાત્ સેવા કરી છે એવા સન્તો અમને અહીં મળ્યા છે.

# આવ્યા જિનંદ ઉર...જાગ્યા ઉમંગ પૂર

( મારે તે ગામડે... )

મારે તે મંદિરે જિનવર પધારજો...
મારે તે મંદિરે જિનવર પધારજો...
એ...આવો ત્યારે સાથે સંતોને લાવજો...એ...
એ...આવી પ્રભુજી મને ધ્વનિ સુણાવજો...એ...મારે તે મંદિરે જિન૦
એ...સત્યદેવીના નંદ !
એ...સત્યદેવીના નંદ વેલા વેલા આવજો...
વાણીના મેવા પ્રભુ મીઠા મીઠા લાવજો...એ...મારે તે મંદિરે જિન૦

( સાખી )

આંખલડી વાટું જુવે, એ...તુજને જોવા કાજ.
શ્રેયાંસનંદ આવો તમે, એ...દરશન દેવા આજ...
સુના સુના છે ગામ ત્રિલોકીનાથ વિના...( ૨ )
સુનું સુનું છે ધામ ધ્વનિના નાદ વિના...( ૨ )
વાણીના નાદ કહો કયારે સુણાવશો ?...( ૨ )
અંતરના દ્વાર કહો કયારે ઉઘાડશો ?...( ૨ )
વિયોગી બાલ, પ્રભુ કયારે સંભાળશો ?...( ૨ )
મીઠી મીઠી દ્રષ્ટિથી કયારે નીહાળશો ?...( ૨ )
એ...તારે ચરણ પ્રભુ ! કયારે બેસાડશો...એ...મારે તે મંદિરે જિન૦
એ...રત્નત્રય પ્રભુ ! કયારે પમાડશો...એ...મારે તે મંદિરે જિન૦
એ...ભવભ્રમણથી કયારે ઉગારશો...એ...મારે તે મંદિરે જિન૦
એ...મોક્ષમંદિર પ્રભુ ! કયારે દેખાડશો...એ...મારે તે મંદિરે જિન૦
આવ્યાં જિનંદ ઉર ઉમંગ પૂર...આવ્યા પ્રસંગ રંગ ભીના...હાં...
આવ્યાં સુવર્ણદ્વાર...વાગ્યાં વાજિંત્ર નાદ...દીઠાં વિભવ જિનજીનાં...હાં...દીઠા૦
તારાં દર્શનીયાં...એ...
...તારા દર્શનીયાં વેલા વેલા આપજો...એ...મારે તે મંદિરે જિન૦
એ...વિદેહી મેવા પ્રભુ મીઠા મીઠા લાવજો...એ...મારે તે મંદિરે જિન૦

# જીવના પાંચ ભાવોમાંથી ક્યા ભાવ મોક્ષનું કારણ છે ?

(‘જ્ઞાનચક્ષુ’ પુસ્તકમાંથી એક પ્રકરણ) (પુસ્તક છપાય છે)

ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એ પાંચ ભાવો છે; તેમાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે, અને શુદ્ધપારિણામિકભાવ દ્રવ્યરૂપ છે. આવા પરસ્પર સાપેક્ષ દ્રવ્ય–પર્યાયસ્વરૂપ આત્મવસ્તુ છે, દ્રવ્ય–પર્યાય બંનેનું જોડકું તે આત્મપદાર્થ છે.

ઉપશમાદિ ચાર ભાવો પ્રગટરૂપ છે, પર્યાયરૂપ છે, તેમાં ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક એ ત્રણ ભાવો નિર્મળપર્યાયરૂપ છે, અને ઔદયિકભાવ વિકારી પર્યાયરૂપ છે. અને જે પારિણામિકભાવ છે તે દ્રવ્યરૂપ છે, તે આત્માનો અહેતુક સહજ સ્વભાવ છે, સહજ જ્ઞાન–આનંદાદિ અનંત સ્વભાવો પારિણામિકભાવે ત્રિકાળ છે. –આવા સ્વભાવને જાણનારું જ્ઞાન તે મોક્ષમાર્ગ છે.

**ઔપશમિકભાવ:** અનાદિનો અજ્ઞાનીજીવ પહેલવહેલા જ્યારે પોતાના સ્વભાવનું ભાન કરે છે ત્યારે, ચોથા ગુણસ્થાને તેને ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે, અને આ ઔપશમિકભાવથી ધર્મની શરૂઆત થાય છે. પછી ચારિત્રમાં ઉપશમભાવ ઉપશમશ્રેણી વખતે મુનિને હોય છે. ઉપશમભાવ એ નિર્મળભાવ છે. તેમાં મોહનો વર્તમાન ઉદય નથી, તેમ જ તેનો સર્વથા ક્ષય પણ થઈ ગયો નથી, પણ જેમ નીતરેલા સ્વચ્છ પાણીમાં નીચે કાદવ બેસી ગયો હોય તેમ સત્તામાં કર્મ પડ્યું છે. જીવની આવી નિર્મળપર્યાયને ઔપશમિકભાવ કહે છે.

**ક્ષાયોપશમિકભાવ:** આ ભાવમાં કાંઈક વિકાસ ને કાંઈક આવરણ છે, જ્ઞાનાદિનો સામાન્ય ક્ષયોપશમભાવ તો બધા છદ્મસ્થ જીવોને અનાદિથી હોય છે. પણ અહીં મોક્ષના કારણરૂપ ક્ષયોપશમભાવ બતાવવો છે એટલે સમ્યગ્દર્શનપૂર્વકનો ક્ષયોપશમભાવ લેવો.

**ક્ષાયિકભાવ:**આત્માના ગુણની સંપૂર્ણ શુદ્ધદશા પ્રગટે અને કર્મોનો સર્વથા ક્ષય થઈ જાય–એવી દશા તે ક્ષાયિકભાવ છે.

આ ત્રણે ભાવો નિર્મળપર્યાયરૂપ છે; તે અનાદિના નથી હોતા, પણ આત્માની ઓળખાણપૂર્વક નવા પ્રગટે છે. અને તે ભાવો મોક્ષનું કારણ છે એમ આગળ સમજાવશે.

**ઔદયિકભાવ:** જીવનો વિકારીભાવ, જેમાં કર્મનો ઉદય નિમિત્ત હોય છે. અનાદિથી બધા સંસારીજીવોને ઔદયિકભાવ હોય છે. મોક્ષદશા થતાં તેનો સર્વથા અભાવ થાય છે. ઔદયિકભાવો શુભ–અશુભ અનેક પ્રકારનાં છે, તે કોઈ ભાવો મોક્ષનું કારણ થતા નથી. ધર્મી જીવો પોતાના જ્ઞાનને ઔદયિકભાવોથી ભિન્ન અનુભવે છે.

**પારિણામિકભાવ:** આત્માનો ત્રિકાળી સહજ એકરૂપ સ્વભાવ. તેને 'પરમભાવ' કહ્યો છે, અન્ય ચાર ભાવો ક્ષણિક છે તેથી તેમને 'પરમભાવ' ન કહ્યા. પારિણામિકરૂપ પરમસ્વભાવ દરેક જીવમાં સદાય વિદ્યમાન છે.

## * ઉપશમભાવ એટલે મોક્ષમાર્ગની શરૂઆત *

અરે, આ તો પરમસત્ય પરમઅમૃત એવા આત્મસ્વરૂપનું વર્ણન છે. તારા ભાવોનું આ વર્ણન છે. તારા ભાવોમાં ક્યા પ્રકારે આવરણ છે ને ક્યા પ્રકારે વિકાસ છે તેની આ વાત છે. પાંચ ભાવોમાં ઉપશમભાવને સૌથી પહેલો કહ્યો, મોક્ષમાર્ગની શરૂઆત ઉપશમભાવથી થાય છે. અંદર રાગરહિત શાંત અકષાય સ્વરૂપના વેદન વડે આત્માને ઉદયથી ભિન્ન જાણ્યો ત્યારે ઉપશમભાવ પ્રગટયો ને ત્યારે ઉદયભાવોને જેમ છે તેમ જાણ્યા. ઉપશમભાવ વગર ઉદયને પણ જાણશે કોણ? ભેદજ્ઞાન વગર તો ઉદયને જાણતાં તે ઉદયભાવને જ પોતાનો સ્વભાવ માની લેતો હતો. હવે તેનાથી ભિન્નતા જાણતાં મોક્ષમાર્ગ શરૂ થયો. ઉપશમભાવસહિત થયેલું સમ્યગ્જ્ઞાન તે જ ઉદયને યથાર્થ જાણે છે. તત્ત્વાર્થસૂત્રમાં પણ પાંચ ભાવના કથનમાં પહેલો ઉપશમભાવ લીધો છે.

જેમ સર્પને પકડવા માટે પહેલાં તેને ઠારે, તેના ઉપર પાણી છાંટીને તેને શાંત કરે, અથવા જેમ મેલા પાણીમાં ઔષધિ નાંખીને તેને સ્વચ્છ કરે, કાદવ નીચે બેસી જાય; તેમ અનાદિથી કષાયોમાં વર્તતો મિથ્યાદ્રષ્ટિજીવ પ્રથમ તો તે કષાયોને ઠારે છે, કષાયોને તથા મિથ્યાત્વને ઠારીને એટલે કે ઉપશમાવીને ઔપશમિક સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. મિથ્યાત્વમાંથી સીધું ક્ષાયિક સમ્યક્ત્વ નથી થતું, સૌથી પહેલાં ઉપશમ થાય છે ને પછી ક્ષાયોપશમિકપૂર્વક ક્ષાયિકસમ્યક્ત્વ થાય છે. ધર્મ કરનાર જીવને પહેલાં ઉપશમસમ્યક્ત્વ જ થાય. ચારે ગતિમાં તે થઈ શકે છે; સાતમી નરકમાં પણ અસંખ્યાતજીવો ઉપશમસમ્યક્ત્વ ત્યાં ગયા પછી નવું પ્રગટ કરનારા છે. ચાર ગતિમાં કોઈપણ અનાદિ મિથ્યાદ્રષ્ટિજીવ પહેલવેલો નિર્વિકલ્પ આત્મઅનુભવ કરે તે ઉપશમસમ્યક્ત્વસહિત હોય છે, ચૈતન્યને પકડીને તેણે એટલો પુરુષાર્થ કર્યો કે મોહને દાબી દીધો, તેને દર્શનમોહકર્મ વર્તમાન પ્રગટ નથી થતું, તેમ જ તેનો સર્વથા ક્ષય પણ નથી થયો. મિથ્યાત્વની અનુદ્ભુતિ તે ઉપશમસમ્યક્ત્વ છે.

## * સત વસ્તુ- તેમાં પર્યાય અને દ્રવ્ય *

આ ઉપશમાદિ ૩ ભાવો જીવની નિર્મળપર્યાય છે. 'ક્ષાયિકાદિભાવ જીવને નથી' એમ કહ્યું તેનો અર્થ કાંઈ 'તે પર્યાયો જીવમાં નથી' –એમ નથી, પરંતુ તેનો અર્થ તો એવો છે કે જીવમાં દ્રવ્યરૂપે તે ભાવ નથી, પણ પર્યાયરૂપે છે. વસ્તુમાં દ્રવ્ય તે પર્યાય નથી, પર્યાય તે દ્રવ્ય નથી. પાંચ ભાવોમાંથી ચાર તો પર્યાયરૂપ છે, ને એક દ્રવ્યરૂપ છે.

પાંચ ભાવોમાંથી ઔદયિકભાવ મોક્ષનું કારણ નથી, ઔપશમિકાદિ ત્રણ ભાવો મોક્ષનું કારણ છે; ને પાંચમો ભાવ પારિણામિકભાવ તે દ્રવ્યરૂપ છે, તે બંધ–મોક્ષનું કારણ નથી. ચાર ભાવો ક્રિયારૂપ એટલે કે ઉત્પાદ–વ્યયરૂપ છે, ને પાંચમો ભાવ નિષ્ક્રિય છે એટલે કે એકરૂપ ધ્રુવ છે. દ્રવ્યપર્યાય બંને થઈને વસ્તુ છે. દ્રવ્ય તે નિશ્ચય, પર્યાય તે વ્યવહાર, બંને થઈને પ્રમાણવસ્તુ સત્. તેમાં દ્રવ્ય તે દ્રવ્યાર્થિકનયનો વિષય, ને પર્યાય તે

પર્યાયાર્થિકનયનો વિષય. –પણ તે બંને પરથી તો ભિન્ન જ છે. આવી સત્ વસ્તુ, તેના ભાવોનું આ વર્ણન છે.

## * ગુરુદેવ કરુણાથી કહે છે-આત્માનું સ્વરૂપ સમજ *

ગુરુદેવ ઘણી કરુણાથી કહે છે કે અરે બાપુ! વાદવિવાદ છોડીને આવી આત્મવસ્તુના વિચારમાં ને મંથનમાં રહે તો કાંઈક અપૂર્વ ચીજ હાથમાં આવશે. ભાઈ, જીવનના એકેક સમયની મોટી કિંમત છે. અરે, મનુષ્યભવનો આવો અવસર એમને એમ ચાલ્યો જાય–તો તેની શી કિંમત? આ મનુષ્યભવની એકેક ક્ષણમાં ભવના અભાવનું કાર્ય કરવાનું છે. કંઈ ભવ વધારવા માટે આ મનુષ્યઅવતાર નથી પણ ભવનો અભાવ કરવા માટે આ મનુષ્યઅવતાર છે. જો મનુષ્યભવ પામીને તે કાર્ય ન કર્યું તો બીજા ભવમાં ને આ ભવમાં શો ફેર? અનંતભવ ચાલ્યા ગયા તેમ જો આ ભવ પણ ચાલ્યો જશે–તો આત્માનું હિત ક્યારે કરીશ? માટે સાવધાન થઈને તારા આત્માનું સ્વરૂપ સમજ.

આત્મા પરથી તો અત્યંત જાુદો છે એટલે પર સાથેના કોલાહલની વાત તો દૂર રહી, અહીં તો કહે છે કે પોતામાં એક પર્યાયનો ભેદ પાડીને તેના લક્ષે અટકે તોપણ આખી વસ્તુ લક્ષમાં ન આવે. ભાઈ, તારી સત્ વસ્તુ છે તે તારા દ્રવ્ય–પર્યાયરૂપ છે, પરની સાથે તારે કંઈ સંબંધ નથી. તારામાં જે દ્રવ્ય ને પર્યાય સત્ છે તેની આ વાત છે. તેને તું વિચારમાં તો લે. તારા પોતાના ઘરની વસ્તુને તું લક્ષમાં તો લે.

હજારો વર્ષનાં શાસ્ત્રભણતર કરતાં એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. જેને ભવસમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે.

# વીતરાગ-વિજ્ઞાન પ્રશ્નોત્તરી

વીતરાગવિજ્ઞાન ભાગ–૧ એટલે કે છહઢાળાના પ્રથમ અધ્યાયના પ્રવચનો, તેમાંથી દોહન કરીને અહીં ૧૦૦ પ્રશ્નો અને તેના ઉત્તર ગતાંકમાં આપે વાંચ્યા. ત્યારપછી બાકીનાં પ્રશ્નો અહીં આપવામાં આવ્યા છે.

૧૦૦ સિદ્ધદશા શેનાથી ભરેલી છે?
આત્માના આનંદથી ભરેલી છે.

૧૦૧ નિગોદદશા શેનાથી ભરેલી છે?
દુઃખના દરિયાથી ભરેલી છે.

૧૦૨ નરકાદિમાં શેનું દુઃખ છે?
તીવ્ર મોહનું.

૧૦૩ નિગોદનો જીવ એક મિનિટમાં કેટલા ભવ કરે?
હજારો.

૧૦૪ અરિહંતોને અવતાર કેમ નથી?
મોહ નથી માટે

૧૦૫. અવતાર કોણ કરે?
જેને મોહ હોય તે.

૧૦૬. સિદ્ધભગવંતો એક જગ્યામાં કેટલા છે?
અનંતા.

૧૦૭. નિગોદિયા જીવો એક જગ્યામાં કેટલા છે?
અનંતા.

૧૦૮. સિદ્ધનું સુખ કે નિગોદનું દુઃખ દ્રષ્ટાંન્ત દ્વારા સમજાવી શકાય?
ના.

૧૦૯. જીવોએ પૂર્વે કેવા ભાવો ભાવ્યા છે?
અજ્ઞાનથી મિથ્યાત્વાદિક ભાવો જ ભાવ્યા છે.

૧૧૦. જીવોએ પૂર્વે કેવા ભાવો નથી ભાવ્યા?
સમ્યક્ત્વાદિ ભાવોને પૂર્વે કદી નથી ભાવ્યા.

૧૧૧. સિદ્ધ ઝાઝા કે નિગોદ?
નિગોદના જીવો અનંતગુણા છે.

૧૧૨. ચાર ગતિમાં સૌથી થોડા જીવો કઈ ગતિમાં?
મનુષ્યમાં.

૧૧૩. મોક્ષને સાધવાના અવસરમાં જીવે શું ભૂલ કરી?
રાગમાં ને બાહ્યક્રિયામાં ધર્મ માનીને રોકાઈ ગયો.

૧૧૪. મનુષ્યના જ ભવ ઉપરાઉપરી કેટલા થઈ શકે?
આઠ.

૧૧૫. ચિંતામણિ સમાન શું છે?
એકેન્દ્રિમાંથી છૂટીને ત્રસપણું પામવું તે.

૧૧૬. મનુષ્યપણાની દુર્લભતા જાણીને શું કરવું?
વીતરાગવિજ્ઞાન વડે મોક્ષનો સાધવાનો ઉદ્યમ કરવો.

૧૧૭. મનુષ્યપણાની કિંમત કેટલી?
મનુષ્યપણામાં જો આત્માને સાધે તો જ તેની કિંમત છે; જો વિષય–કષાયોમાં જ ગુમાવે તો તેની કિંમત કાંઈ નથી.

૧૧૮. એકેન્દ્રિય જીવોને કેવી ચેતના છે?
અજ્ઞાનચેતના.

૧૧૯. જ્ઞાનચેતના કેવી છે?
જ્ઞાનચેતના આનંદરૂપ છે, ને મોક્ષનું કારણ છે.

૧૨૦. જ્ઞાનચેતનાનું બીજું નામ શું?
વીતરાગવિજ્ઞાન.

૧૨૧. જીવનો મિત્ર કોણ? શત્રુ કોણ?
જ્ઞાનભાવથી જીવ જ પોતે પોતાનો મિત્ર છે, ને અજ્ઞાનભાવથી પોતે પોતાનો શત્રુ છે.

૧૨૨. જીવ સુખી–દુઃખી કેમ થાય છે?
પોતાના સવળા ભાવથી સુખી, અવળા ભાવથી દુઃખી.

૧૨૩. જીવના સંસારપરિભ્રમણની કથા શા માટે સંભળાવે છે?
તેનાથી છૂટવા માટે.

૧૨૪. અસંજ્ઞી જીવો કેવા છે?
વિચારશક્તિ વગરના છે, નરકથી વધુ દુઃખી છે.

૧૨૫. સિંહાદિક તિર્યંચોને ધર્મપ્રાપ્તિ થઈ શકે?
હા.

૧૨૬. ચારગતિનાં દુઃખો કોણ ભોગવે છે?
અજ્ઞાની.

૧૨૭. જ્ઞાની શું કરે છે?
જ્ઞાની તો સુખના પંથે ચડયા છે; વીતરાગવિજ્ઞાન વડે મોક્ષને સાધી રહ્યા છે.

૧૨૮. દેહનું છેદન–ભેદન થતાં ક્યો જીવ દુઃખી થાય છે?
જેને દેહ પ્રત્યે મોહ હોય તે.

૧૨૯. દુઃખ શેનું છે–છેદનભેદનનું કે મોહનું?
મોહનું.

૧૩૦. પ્રતિકૂળ સંયોગ તે દુઃખ–એ વ્યાખ્યા બરાબર છે?
ના, મોહ તે દુઃખ છે. જેને મોહ નથી તેને દુઃખ નથી.

૧૩૧. આત્મા શેનાથી સુખી છે?
આત્મા પોતાના સ્વભાવથી જ સુખી છે; સુખ કોઈ સંયોગને લીધે નથી; બાહ્યવિષયોમાં સુખ નથી.

૧૩૨. પોતામાં સુખ હોવા છતાં જીવ
દુઃખ કેમ વેદી રહ્યો છે?
પોતાના સુખસ્વભાવને
ભૂલ્યો છે તેથી.

૧૩૩. નરકના જીવોને આત્મજ્ઞાન થાય?
હા, ત્યાં પણ કોઈ
જીવો આત્મજ્ઞાન પામે છે.

૧૩૪. નરકમાં કોઈ જીવ સુખી હોય?
હા, ત્યાં પણ સમ્યગ્દર્શનવડે કોઈ
જીવ સુખનો સ્વાદ ચાખી લ્યે છે.

૧૩૫. જીવ જાગે તો કેટલા
વખતમાં કેવળજ્ઞાન લ્યે?
અંતર્મુહૂર્તમાં.

૧૩૬. અનંતકાળનું અજ્ઞાન
ટાળવા કેટલો વખત લાગે?
નિજશક્તિને સંભાળતાં
ક્ષણમાત્રમાં અજ્ઞાન ટળી જાય.

૧૩૭. દેડકાંને ચીરીને ભણતર
ભણે–તે કેવું?
તે અનાર્યભણતર; આર્યમાણસમાં
એવી ક્રુરતા ન હોય.

૧૩૮. ચારગતિમાં દુઃખથી ડરે–તો શું કરવું?
તો સર્વે પરભાવો છોડીને
શુદ્ધાત્માનું ચિન્તન કરવું.

૧૩૯. અજ્ઞાન અને દુઃખમય
જીવન જીવને શોભે છે?
ના.

૧૪૦. ધર્મ વગર કદી સુખ થાય?
ના.

૧૪૧. જીવની દુઃખકથા કેવી છે?
એ સાંભળતાંય વૈરાગ્ય
આવી જાય તેવી.

૧૪૨. સુકુમાર ક્યારે વૈરાગ્ય પામ્યા?
મુનિરાજના શ્રીમુખથી સ્વર્ગ–નરકનું
વર્ણન સાંભળીને.

૧૪૩. જીવે પૂર્વે અનંતદુઃખ સહન કર્યાં
તે યાદ કેમ નથી આવતાં?
જ્ઞાનમાં તે પ્રકારની વિશુદ્ધિ નથી તેથી.

૧૪૪. જીવે નવો અવતાર ન કરવો
હોય તો શું કરવું?
મોક્ષસુખ સાધી લેવું, –જેથી
ફરી અવતાર ન રહે.

૧૪૫. દેહ છૂટતાં મરણની બીક કોને છે?
અજ્ઞાનીને.

૧૪૬. તે વખતે જ્ઞાનીને શું છે?
'આનંદની લહેર.'

૧૪૭. જીવને દુઃખ ગમતું નથી છતાં
તે કેમ દુઃખી છે?
દુઃખના કારણને સેવે છે–તેથી.

૧૪૮. જીવને સુખ ગમે છે–છતાં તે
કેમ સુખ નથી પામતો?
સુખના કારણને સેવતો નથી–તેથી.

૧૪૯. પોતામાં આનંદનો સમુદ્ર ભર્યો છે
છતાં જીવને કેમ આનંદ નથી?
પોતાની સામે જોતો નથી,
બહાર જુએ છે, તેથી.

૧૫૦. નરકમાં ઊપજતાવેંત જીવ
કેવું દુઃખ પામે છે?

જાણે દુઃખના દરિયામાં
પડયો હોય–તેવું.

૧૫૧. નરકની જમીનનો સ્પર્શ કેવો છે?
હજારો વીંછીનાડંખ જેવો.

૧૫૨. નરકમાં દુર્ગંધ કેવી છે?
જેનાથી કેટલાય ગાઉના માણસો
મરી જાય–એવી.

૧૫૩. નરકમાં વીંછી વગેરે હોય છે?
ના, ત્યાં વિકલેન્દ્રિયજીવો
હોતા નથી.

૧૫૪. ચારગતિનાં દુઃખોનું વર્ણન શા
માટે કર્યું છે?
મિથ્યાત્વાદિને લીધે આવા દુઃખો
છે–એમ જાણીને તેનું સેવન
છોડ; ને સુખનું કારણ
સમ્યક્ત્વાદિ છે–તેનું સેવન કર.

૧૫૫. અત્યારસુધીનો અનંતકાળ જીવે
શેમાં ગાળ્યો?
સંસારની ચારગતિમાં દુઃખ
ભોગવવામાં.

૧૫૬. સ્વર્ગ અને નરક શું છે?
જીવોને પુણ્ય અને પાપનાં ફળ
ભોગવવાના સ્થાનો છે.

૧૫૭. તીવ્ર હિંસા, માંસભક્ષણ
વગેરે મહાપાપ
કરનારા જીવો ક્યાં જાય છે?
નરકમાં.

૧૫૮. નરકમાં જીવ કેટલું દુઃખ પામે છે?
પૂર્વે જેટલી પાપરૂપી કિંમત
ભરી હોય તેટલું.

૧૫૯. નરકમાં જનાર જીવ ત્યાં
કેટલો વખત દુઃખ ભોગવે?
ઓછામાં ઓછા દશહજારવર્ષથી
માંડીને અસંખ્યવર્ષો સુધી.

૧૬૦. સિદ્ધપદના સુખમાં જીવ કેટલો કાળ રહે?
સંસાર કરતાં અનંતગુણા કાળસુધી,
સાદિઅનંત સદાય.

૧૬૧. ચારગતિનાં દુઃખ કોને ભોગવવા
પડે છે?
જે આત્માનું જ્ઞાન ન કરે તેને.

૧૬૨. નરકની અનંતી વેદના છતાં
જીવ કેમ મરી ન ગયો?
જીવનું જીવત્વ કે અસ્તિત્વ કદી
હણાય નહિ; અરે! નરકની વેદના
વચ્ચે પણ અસંખ્યજીવો અંતરમાં
ઊતરીને સમ્યગ્દર્શન પામી ગયા છે.

૧૬૩. દુઃખમય સંસારમાં ક્યાંય ન
ગમે તો શું કરવું?
‘જીવ! તને ક્યાંય ન ગમે
તો આત્મામાં ગમાડ’

૧૬૪. નરકનું આયુ કોને બંધાય?
મિથ્યાદ્રષ્ટિને જ બંધાય;
સમ્યગ્દ્રષ્ટિને ન બંધાય. વીતરાગી
દેવગુરુધર્મની નિંદા કરનારા, ને
તીવ્ર પાપો કરનારા જીવો
નરકમાં જાય છે.

૧૬૫. કોઈક સમ્યગ્દ્રષ્ટિ પણ નરકમાં
તો જાય છે?
તેણે પૂર્વે મિથ્યાત્વદશામાં નરકઆયુ
બાંધ્યું હતું–તેથી.

૧૬૬. નરકના જીવને ક્યારેય સાતા થાય?
હા; મધ્યલોકમાં તીર્થંકરનો જન્મ વગેરે પ્રસંગે નરકના જીવોનેય સાતા થાય છે, ને તે પ્રસંગે કોઈ કોઈ જીવો તો સમ્યક્ત્વ પણ પામી લ્યે છે.

૧૬૭. ઠંડીથી આગ લાગે?
હા; હિમની જેમ શાંત– અકષાયભાવ વડે કર્મોમાં આગ લાગી જાય છે.

૧૬૮. ક્યા ભાવથી કર્મોનો નાશ થાય?...
વીતરાગભાવથી.

૧૬૯. નારકીમાં સ્ત્રીવેદ કે પુરુષવેદ હોય?
ના; ત્યાં બધા નપુંસક હોય છે.

૧૭૦. દેવલોકમાં ક્યા વેદ હોય?
ત્યાં સ્ત્રી કે પુરુષવેદ જ હોય. નપુંસક વેદ ન હોય.

૧૭૧. નરકમાં ખાવા–પીવાનું મળે?
ના; ત્યાં કદી પાણીનું ટીપું કે અનાજનો દાણો મળતો નથી.

૧૭૨. છતાં એવી નરકમાં સમ્યગ્દર્શન થાય? હા ભાઈ, ત્યાં પણ આત્મા છે ને? એટલે સમ્યગ્દર્શન પામીને દુઃખના દરિયાની વચ્ચે પણ શાંતિનું મધૂરું ઝરણું પ્રાપ્ત કરી લ્યે છે.

૧૭૩. જીવને દુઃખના દરિયામાંથી ઉગારનાર કોણ છે?
એકમાત્ર વીતરાગીધર્મ, બીજું કોઈ નહિ.

૧૭૪. નરકના બે ભવ વચ્ચે આંતરું ઓછામાં ઓછું કેટલું?
અંતર્મુહૂર્ત, નરકમાંથી નીકળેલો કોઈ જીવ માત્ર અંતર્મુહૂર્તમાં તીવ્ર પાપ કરીને ફરી પાછો નરકમાં જાય.

૧૭૫. નરકના જીવો કેટલી ઇન્દ્રિયવાળા છે?
તે જીવો પંચેન્દ્રિય–સંજ્ઞી છે.

૧૭૬. નારકીને ખંડખંડ થઈ જાય તેવું શરીર કેમ મળ્યું?
અખંડ આત્માની એકતાને પાપથી ખંડખંડ કરી નાંખી છે તેથી.

૧૭૭. જીવને કેટલું સુખ? કેટલું દુઃખ?
જેટલી સ્વભાવપરિણતિ તેટલું સુખ જેટલો વિભાવ તેટલું દુઃખ.

૧૭૮. આહાર–પાણી વગર આત્મા જીવી શકે?
હા.

૧૭૯. જીવને પરવસ્તુ વગર ચાલી શકે?
હા; પરવસ્તુ વગર જ જીવ પોતાની અસ્તિથી જીવી રહ્યો છે.

૧૮૦. નરકમાં જીવને કોણે દુઃખી ર્ક્યો?
કોઈ બીજાએ દુઃખી નથી કર્યો; પોતાના મોહથી જ દુઃખી છે.

૧૮૧. નરકના જીવને શુભભાવ થઈ શકે?
હા, અને આત્મજ્ઞાન પણ થઈ શકે.

૧૮૨. નરકમાંથી નીકળીને જીવ ક્યાં જાય?
કાં તો મનુષ્ય થાય, કાં તિર્યંચમાં જાય.

૧૮૩. જીવે ચારગતિમાં સૌથી ઓછા ભવ શેના કર્યા?
મનુષ્યના.

૧૮૪. જીવ બહારથી પોતાની મોટાઈ કેમ માને છે?
તે પોતાના સ્વભાવની મહાનતાને નથી જાણતો તેથી.

૧૮૫. જીવની મોટાઈ શેનાથી છે?
જ્ઞાનસ્વભાવ વડે જીવની અધિકતા ને મહાનતા છે.

૧૮૬. જીવને શું નથી શોભતું?
અજ્ઞાન અને દુઃખનું વેદન જીવને નથી શોભતું.

૧૮૭. અત્યારે ભરતક્ષેત્રમાં આત્મજ્ઞાની જીવો અવતરે ખરા?
ના, પણ અવતર્યા પછી આત્મજ્ઞાન પામી શકે.

૧૮૮. મનુષ્યભવની સાર્થકતા ક્યારે?
આત્મસ્વરૂપ ઓળખીને વીતરાગવિજ્ઞાન પ્રગટ કરે ત્યારે.

૧૮૯. મોંઘું મનુષ્યપણું તે અપૂર્વ છે?
ના; સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે અપૂર્વ છે.

૧૯૦. મનુષ્યને બુદ્ધિ મળી–તે શેમાં વાપરવી?
આત્માના હિતનો વિચાર કરવામાં.

૧૯૧. જીવ નકામો કાળ શેમાં ગુમાવે છે?
પાર વગરની પારકી ચિન્તામાં વ્યર્થ કાળ ગુમાવે છે.

૧૯૨. કોને સુખરસની ગટાગટી છે?
સમ્યગ્દ્રષ્ટિ જીવોને.

૧૯૩. મિથ્યાદ્રષ્ટિજીવસ્વર્ગમાં જાય તો સુખી થાય?
ના; તે દેવલોકમાં પણ દુઃખી જ છે.

૧૯૪. સ્વર્ગમાં પણ જીવ કેમ સુખી ન થયો?
આત્મજ્ઞાન ન હોવાથી.

૧૯૫. ચંદ્ર–સૂર્ય દેખાય છે તે શું છે?
તે જ્યોતિષી દેવોનાં વિમાનો છે, દેવો તેમાં રહે છે.

૧૯૬. કેવા જીવો ચંદ્રલોકમાં ઊપજે?
ત્યાં અજ્ઞાની ઊપજે, જ્ઞાની નહીં.

૧૯૭. દેવોને શેનું દુઃખ?
વિષયોની અભિલાષાનું.

૧૯૮. સ્વર્ગમાં કોઈ સુખી હોય?
હા; ત્યાં જે દેવો સમ્યગ્દ્રષ્ટિ છે તેઓ સુખી છે.

૧૯૯. સંતોનો આ ઉપદેશ જાણીને શું કરવું?
મિથ્યાત્વાદિનું સેવન તુરત જ છોડવું ને સમ્યક્ત્વાદિને પરમસુખનું કારણ જાણીને તેની આરાધનામાં આત્માને જોડવો.

૨૦૦. એમ કરવાથી શું મંગળફળ આવે?
વીતરાગવિજ્ઞાન પ્રગટીને મોક્ષ થાય.

तीनभुवनमें सार, वितरागविज्ञानता।
शिवस्वरुप शिवकार, नमुं त्रियोग सम्हारिके।।

# જ્ઞાનસ્વભાવ એ જ ધ્રુવ, ને એ જ શરણ

(સોનગઢમાં વીર. સં. ૨૪૯૫ માહ વદ પાંચમે સ. ગા. ૭૪ ઉપરના પ્રવચનમાંથી)

ચૈતન્યસ્વરૂપ આત્મા શાન્ત–અનાકુળ છે. તેમાં પ્રવેશ કરતાં અશાંતિ ટળે ને શાંતિનું વેદન થાય. તે કઈ રીતે થાય? તે કહે છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ ધ્રુવ સદા રહેનારો છે, અસંયોગી છે, ને દેહાદિનો સંયોગ અધ્રુવ છે, રાગાદિ પરભાવો પણ સંયોગાશ્રિત થયેલા અધ્રુવભાવો છે, તે આત્માના સ્વભાવ સાથે એક થઈને નથી રહ્યા, એટલે તેઓ આત્માને શરણરૂપ નથી, અશરણ ને અધ્રુવ છે. શરણ ને ધ્રુવ તો જ્ઞાનમય પોતાનો સ્વભાવ છે.

આમ બંનેને જાણીને, અધ્રુવ એવા આસ્રવભાવોથી પાછો વળે (અર્થાત્ તેમાં એકત્વબુદ્ધિ છોડે) અને અંતરના ધ્રુવસ્વભાવમાં વળીને અભેદ થાય છે,–આ રીતે જ્ઞાન થતાંવેંત જ આત્મા રાગાદિ પરભાવોથી પાછો વળે છે. એટલે જ્ઞાનની ઉત્પત્તિ અને રાગની નિવૃત્તિ–બંનેનો એક જ કાળ છે.

સર્વજ્ઞ પરમેશ્વરે દરેક આત્માને આનંદમય જોયો છે; જે રાગાદિ ભાવો છે તે તો ચૈતન્યરત્ન ઉપરના ડાઘ છે–કલંક છે; પણ એ ડાઘ ઉપર–ઉપરનો મૂળ ચૈતન્યહીરો તેવો નથી. આવા ચૈતન્યસ્વરૂપને દ્રષ્ટિમાં લઈને તેમાં એકાગ્ર થતાં રાગાદિ મલિનતા છૂટી જાય છે, ને જ્ઞાનરત્નમાં નિર્મળ કિરણો પ્રગટે.–એને ભગવાન ધર્મ કહે છે.

ચૈતન્યભગવાન આત્મા જો રાગનું શરણ લેવા જાય તો તેનું જ્ઞાન હણાય છે–અજ્ઞાન થાય છે. રાગ પોતે જ્ઞાન નથી. તે તો જ્ઞાનથી વિરુદ્ધ છે, અસ્થિર છે; તે રાગને કાંઈ એવી ખબર નથી કે હું રાગ છું, –તે તો ખબર વગરના અચેતભાવ છે, તેનાથી જાુદું જ્ઞાન જ તેને જાણે છે કે 'આ રાગ છે'. હું રાગ નથી, હું તો રાગને જાણનાર જ્ઞાન છું; –આવું જે જ્ઞાન છે તે આત્મા છે; ને આવા જ્ઞાનમાં વર્તતો આત્મા તે રાગાદિભાવોથી નિવર્તેલો છે–છૂટો પડેલો છે, આત્મા તરફ ઝુકેલું જ્ઞાન રાગ વગરનું છે.

ભાઈ! શું આત્મા પુણ્ય–પાપસ્વરૂપ છે? ના, એ તો ચેતનરૂપ છે; જેમ મોટા ઝાડને જરાક ભાગમાં લાખ વળગી હોય ત્યાં આખું ઝાડ કાંઈ લાખરૂપ થઈ ગયું નથી. તેમ આખો અનંતગુણથી ભરેલો ચૈતન્યવડલો, તેની સાથે ક્ષણિક રાગાદિ ભાવો બંધાયેલા છે, પણ આખું ચૈતન્ય ઝાડ કાંઈ રાગરૂપ થઈ ગયું નથી. –આમ અંતરમાં આત્માનો સ્વભાવ અને રાગાદિ એ બંને વચ્ચે ભિન્નતાને ઓળખે તે ક્ષણે

જ જીવનું જ્ઞાન રાગાદિથી પાછું વળીને સ્વભાવ તરફ ઝૂકેલું હોય છે. તે જ્ઞાનમાં સ્વભાવની અસ્તિરૂપ ને રાગાદિની નાસ્તિરૂપ એકસાથે પરિણમન છે. આવું પરિણમન થાય ત્યારે જીવને સાચું જ્ઞાન થયું કહેવાય, ને ત્યારે તે મોક્ષમાર્ગમાં આવ્યો એટલે કે ભગવાનના માર્ગમાં આવ્યો.

મરતાં 'દેહ છૂટયો' એમ લોકો કહે છે; દેહ તે કાંઈ આત્મા ન હતો, તે છૂટો હતો ને છૂટો પડયો; પણ શું જ્ઞાન કાંઈ છૂટે?–જ્ઞાન કાંઈ આત્માથી જુદું પડે? ન પડે, કેમકે જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે. એ જ રીતે રાગનો અભાવ થાય છે કેમકે તે પણ આત્માનો અવિરુદ્ધસ્વભાવ નથી; તે તો વિરુદ્ધભાવ છે. આત્માના નિજભાવમાં તેનો પ્રવેશ નથી એટલે તે ટળી જાય છે.

* જ્ઞાન તે આત્માનો અવિરુદ્ધસ્વભાવ છે.

* રાગ તે આત્માનો વિરુદ્ધભાવ છે.

* એ રીતે જ્ઞાનને અને રાગને ભિન્નતા છે.

–એ પ્રમાણે બંનેને જુદા જાણીને જ્ઞાન જ્ઞાનપણે પરિણમ્યું ને રાગપણે ન પરિણમ્યું,–એ સાચું ભેદજ્ઞાન છે, તે આસ્રવોથી નિવૃત્તિ છે, તે જ સંવર છે, તે જ મોક્ષનો ઉપાય છે.

## નિજવૈભવનું ભાન થતાં...

નિજવૈભવનું ભાન થતાં યથાર્થ વસ્તુસ્થિતિની મર્યાદા સમ્યગ્દ્રષ્ટિએ એમ જાણી કે ચૈતન્યસીમામાં પરભાવનો પ્રવેશ જરાપણ નથી. ચૈતન્યના દ્રવ્યમાં ગુણમાં કે નિર્મળપર્યાયમાં ક્યાંય પરભાવ નથી, પણ પરભાવના અભાવરૂપ મારો સ્વભાવ છે. આવો, સ્વભાવ વર્તમાનમાં જાણ્યો, ને સદાકાળ આવો જ સ્વભાવ રહેશે. જેવું વર્તમાન તેવું ત્રિકાળ. વર્તમાનમાં શુદ્ધતાના વેદન વગર ત્રિકાળ શુદ્ધ સ્વભાવ પ્રતીતમાં આવી શકે નહિ. ભાઈ! તારા જ્ઞાનલક્ષણને લંબાવીને તું દેખ તો અત્યારે જ તારો આત્મા કર્મના ને વિકારના અભાવરૂપે તને દેખાશે, કેમકે કર્મમાં કે વિકારમાં જ્ઞાન લક્ષણ રહેતું નથી. જ્ઞાન લક્ષણ તો શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં જ રહે છે.

# આત્મહિત માટે વૈરાગ્યરસભીનો ઉપદેશ

**દૌલ! સમજ સુન ચેત સયાને કાલ વૃથા મત ખોવે;**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ જો સમ્યક્ નહિ હોવે.**

ભાઈ, અનંતવાર મનુષ્યભવ પામ્યો પણ આત્માના જ્ઞાન વિના તે વ્યર્થ ગુમાવ્યો. યુવાનીમાં વિષયવાસનામાં ને ધનમાં એવો મોહ્યો કે બીજું કાંઈ સુઝે જ નહીં! એ રીતે કિંમતી કાળ પાપમાં ગુમાવ્યો. જો કે આત્માનું હિત કરવા માંગે તો યુવાનીમાં પણ કરી શકાય છે; પણ આ તો દરકાર નથી કરતા એવા જીવોની વાત છે. અનંતવાર આત્માની દરકાર વગર યુવાની પાપમાં ગુમાવી, માટે આ અવસરમાં આત્માની દરકાર કરજે–એમ ઉપદેશ છે.

મનુષ્યજન્મની યુવાનીનો કાળ–તે તો ધર્મની કમાણીનો ખરેખરો વખત છે, એવા વખતે વિષયકષાયોમાં ડુબીને રત્નચિંતામણિ જેવો અવસર વેડફી નાંખે છે! ભાઈ, આ મનુષ્યપણાની એકેક ઘડી મહા કિંમતી છે, લાખો–કરોડો રૂપિયા આપતાંય એની એક ઘડી મળે તેમ નથી. નાનો હોય તો દડા ઊડાડવામાં વખત ગાળે ને મોટો થાય એટલે પૈસા કમાવામાં વખત ચાલ્યો જાય. પણ ભાઈ, ક્ષણેક્ષણે તારા જીવનનો દડો ઊડી જાય છે અને તારા આત્માની કમાણી ચુકી જવાય છે, તેની કાંઈ દરકાર ખરી? આવો અવસર વ્યર્થ ગુમાવવા જેવો નથી.

વૃદ્ધાવસ્થા ક્યારે આવી જાય છે તેની ખબર પણ નથી પડતી; વૃદ્ધાવસ્થા થતાં અર્ધમૃતક જેવી દશા થઈ જાય છે. દેહમાં અનેક રોગ થાય, હાલીચાલી શકાય નહિ, ખાવાપીવામાં પરાધીનતા, ઈન્દ્રિયો કામ કરે નહિ, આંખે પૂરું દેખાય નહિ, સ્ત્રી–પુત્રાદિ પણ કહેવું માને નહિ,–અને દ્રષ્ટિ તો એ બધા સંયોગો ઉપર જ પડી છે, એટલે જાણે કે જીવન હારી ગયો–એમ તે જીવ દુઃખી–દુઃખી થઈ જાય છે, પણ બાલ–યુવાન–વૃદ્ધ ત્રણે અવસ્થાથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વરૂપને મોહી જીવ જાણતો નથી. ને આત્માના ભાન વગર મનુષ્યપણું દુઃખમાં જ ગુમાવે છે.

વૃદ્ધાવસ્થામાંય આત્માનું કલ્યાણ કરવા ધારે તો કરી શકાય છે. –‘એ તો જાગ્યા ત્યાંથી સવાર.’ અગાઉ તો ઘણા જીવો શરીરમાં સફેદ વાળ દેખતાં વૈરાગ્ય પામીને દીક્ષા લઈ લેતાં, એવા પ્રસંગો બનતા. પણ હજી દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન પણ જ્યાં ન હોય ત્યાં દીક્ષા ક્યાંથી લ્યે? ચૈતન્યની શ્રદ્ધા ચૂકીને દેહની અનુકૂળતામાં જ મૂર્છાઈ ગયો, ને પ્રતિકૂળતા આવે ત્યાં દુઃખના ઢગલામાં જાણે દટાઈ

ગયો. સંયોગથી જાુદો જીવ દેખાતો જ નથી; આવા જીવો જે સંયોગમાં રહે તેનાથી બીજા કરતાં હું કાંઈક અધિક છું–એમ દેખાડવા મથે છે, સંયોગથી અધિકતા માને છે પણ– ‘લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો! ’ ભાઈ! સંયોગ વધતાં તારા આત્મામાં શું વધી ગયું? પાડા અને હાથીનું શરીર ઘણું મોટું હોય છે તેથી શું તેના આત્માની અધિકતા થઈ ગઈ? ના; આત્માની અધિકતા તો જ્ઞાનસ્વભાવ વડે છે. મારો આત્મા જ્ઞાનસ્વભાવને લીધે બીજા બધાથી અધિક છે, રાગથી પણ તે અધિક છે, અધિક છે એટલે જાુદો છે–એમ જેણે આત્માની અધિકતા ન જાણી, તે જીવો શરીરથી, આબરૂથી, ધનથી, કુટુંબથી, મકાનથી, પદવીથી, અવાજની મધુરતાથી કે શુભરાગથી–એમ બહારવડે પોતાની અધિકતા માને છે. અહો, જ્ઞાનસ્વભાવી આત્મા આખા વિશ્વથી અધિક છે, જ્ઞાનસ્વભાવની તોલે આવે એવું કોઈ વિશ્વમાં નથી. માટે હે જીવ! તું આત્માની કિંમત કર, ને બીજાની કિંમત છોડ. શરીર–પૈસા વગેરે સંયોગનો મોહ છોડ. બીજા પાસે વધુ સંયોગ દેખીને તેની બળતરા છોડ;– ‘આની પાસે ઘણુંય ને મારી પાસે થોડું’ –એવી બળતરાથી દેવો પણ દુઃખી થાય છે–એ વાત દેવગતિના દુઃખમાં કહેશે.

દેહમાં મુર્છાયેલો જીવ પોતાના સાચારૂપને જીવ કઈ રીતે ઓળખે? –જેને બાલપણામાં તો કાંઈ જ્ઞાન નથી, યુવાની જે વિષયોમાં ગુમાવે છે ને વૃદ્ધાવસ્થામાં અર્ધમૃતક થઈ જાય છે, –એ રીતે દેહબુદ્ધિમાં પોતાનું જીવન ગુમાવનારા જીવો આત્માનું સ્વરૂપ કઈ રીતે ઓળખે? कैसे रूप लखै अपनो?–આમ કહીને સમ્યગ્દર્શનની વાત લીધી છે. સમ્યગ્દર્શન પામવું એટલે કે પોતાનું સ્વરૂપ જાણવું તે જ હિતનો ઉપાય છે, તે જ વિતરાગવિજ્ઞાન છે, તે જ સંતગુરુઓની શિખામણ છે, ને તેમાં જ મનુષ્યભવની સાર્થકતા છે. શુભરાગની વાત ન કરી, कैसे रूप लखै अपनो એમ કહ્યું પણ कैसे करै शुभराग એમ ન કહ્યું, કેમકે તે તો અનંતવાર કર્યા; શુભરાગ કર્યો ત્યારે તો મનુષ્ય થયો;–એટલે તે કાંઈ અપૂર્વ ચીજ નથી. પણ પોતાનું રૂપ જાણ્યું નહિ, સમ્યગ્દર્શન કર્યું નહિ, એટલે પોતાનું રૂપ લખવું–અનુભવવું તે અપૂર્વ ચીજ છે, તેમાં જ જીવનું હિત છે.

મોહ છોડીને પોતાનું સ્વરૂપ જાણવા માગે તો તો ગમે ત્યારે જાણી શકે છે. પણ મોહથી જે બહારમાં જ મથ્યો રહે તે પોતાના નિજસ્વરૂપને ક્યાંથી દેખે? ભાઈ, અત્યારે આવો અવસર તને મળ્યો છે તો આત્માના હિતને માટે વખત લે. મરતાં તો આ બધું અહીં પડી રહેશે, માટે જીવતાં જ તેનો મોહ છોડીને આત્માનું સ્વરૂપ ઓળખવાનો ઉદ્યમ કર.

‘અત્યારે કમાઈ લઈએ, પછી વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિ લઈને આત્માનું કંઈક કરીશું! ’ –એમ કહે. –પણ ભાઈ! વૃદ્ધાવસ્થા આવશે જ એવું ક્યાં નક્કી છે? ઘણાય જીવો યુવાન અવસ્થામાં જ આયુષ પૂરું થતાં ફૂ થઈને ચાલ્યા જાય છે, –એવા

પ્રસંગો તો નજરે દેખાય છે. પછી વૃદ્ધાવસ્થાનો શો ભરોસો? અત્યારે યુવાનઅવસ્થા વખતે તું એમ કહે છે કે વૃદ્ધાવસ્થામાં કરીશું; પણ વૃદ્ધાવસ્થામાં જ્યારે શક્તિઓ ક્ષીણ થઈ જશે ત્યારે તને પસ્તાવો થશે કે અરે, યુવાનીમાં વખત હતો ત્યારે આત્માની કાંઈ દરકાર ન કરી. માટે વાયદા કરવાનું મૂકીને અત્યારથી જ આત્માનું હિત થાય–એવો ઉદ્યમ કર.

બહારના સંયોગની સગવડતામાં તને પોતાની સરખાઈ લાગે છે,–પણ ભાઈ! એ બહારના સંયોગમાં તું છો જ ક્યાં? તારું રૂપ તો તેનાથી જુદું છે. તું તો જ્ઞાનરૂપ છો; તારા સાચા રૂપને તું ઓળખ. ‘હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?’–એનો શાંતિથી વિચાર કર.

રે જીવ! એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તો તેને વિચાર કરવાની શક્તિ જ ન હતી, અત્યારે વિચાર કરવાની શક્તિ ઊઘડી છે તો આત્માના હિતનો વિચાર કરીને તેનો સદુપયોગ કર. ઘણા જીવો તો મનુષ્ય થવા છતાં એટલી બધી મંદબુદ્ધિવાળા હોય છે કે મૂઢ જેવા જ રહે છે; કોઈને થોડીઘણી બુદ્ધિ હોય છે તો બહારના કાર્યોનાં તીવ્ર અભિમાન આડે બુદ્ધિને તેમાં જ રોકે છે, આત્માના હિત માટે બુદ્ધિનો ઉપયોગ નથી કરતો. પૈસા કેમ કમાવા તેમાં બુદ્ધિ વાપરે છે ( –જો કે પૈસા તો પુણ્યઅનુસાર મળે છે ) –પણ આત્માના હિતની કમાણી કેમ થાય તેમાં બુદ્ધિ વાપરતા નથી. આત્માના હિતનો વિચાર કર્યા વગર મોંઘું જીવન વેડફી નાંખે છે. અરે, આવું મોંઘું જીવન, તે માત્ર ધનમાં–સ્ત્રીમાં કે રાજપાટમાં વેડફી નાંખવાનું ન હોય; તેમાં તો આત્માના હિતનો એવો વિચાર કરું કે જેથી ફરીને આ સંસારમાં આવા દુઃખો ભોગવવા ન પડે,–એમ વિચારીને તારા આત્માને મોક્ષપંથમાં જોડ. તારા ચૈતન્યપ્રભુને તેં કદી ન દેખ્યો. તો હવે અત્યારે તેને દેખ. ચૈતન્યના દર્શનનો ( સમ્યગ્દર્શનનો ) આ અવસર છે.–

**દેખણ દે રે...સખી દેખણ દે...ચંદ્રપ્રભુ મુખચંદ...સખી મુને દેખાણ દે.......**

મુમુક્ષુ પોતાના ચૈતન્યપ્રભુના દર્શનની તીવ્ર ભાવના ભાવે છે કે અરે, એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીમાં મેં કદી મારા ચૈતન્યપ્રભુને ન દેખ્યા...કેમકે તે વખતે તો દેખવાની શક્તિ જ ન હતી. પણ હવે આ મનુષ્યપણામાં ચૈતન્યપ્રભુને દેખવાનો અવસર આવ્યો છે, માટે હે ચેતનાસખી! મને મારા ચૈતન્યપ્રભુનાં દર્શન કરાવ. ‘દેખણ દે...સખી, દેખણ દે.’

પોતે પોતાના ચૈતન્યપ્રભુને દેખવાની દરકાર જ જીવ ક્યાં કરે છે! નવરો હોય, કાંઈ કામ ન હોય તોપણ કાંઈ ધર્મના વાંચન–વિચારને બદલે મફતનો પારકી ચિન્તા કર્યા કરે; ધનની ચિન્તા, શરીરની ચિન્તા, સ્ત્રી–પુત્રની ચિન્તા, દેશની ચિન્તા–એમ પાર વગરની પારકી ચિન્તામાં જીવ વ્યર્થ કાળ ગુમાવે છે, પણ આત્માના હિતની

ચિન્તા કરતો નથી, પારકી ચિન્તા તો વ્યર્થ છે કેમકે તારી ચિન્તા પ્રમાણે તો કાંઈ પરમાં થતું નથી. ટી. બી. (ક્ષય) થાય, પક્ષઘાત થાય, ખબર પડે કે હવે આ પથારીમાંથી ઊઠીને કદી દુકાને જઈ શકવાનો નથી, છતાં પણ પથારીમાં સૂતો સૂતો આત્માના વિચાર કરે નહિ પણ ઘરના દુકાનના કે શરીરાદિના વિચાર કર્યા કરે, ને પાપના પોટલા બાંધીને દુર્ગતિમાં જાય. નવરો પડે ત્યારે પારકી ચિન્તા કરે છે તેને બદલે આત્માની ચિન્તા કરે તો કોણ રોકે છે? કોઈ રોકતું નથી; પણ એને પોતાને જ દરકાર ક્યાં છે? અરેરે, એને હજી ભવદુઃખનો થાક નથી લાગતો! ભાઈ, આ મનુષ્યપણામાંય નહિ ચેત, તો પછી ક્યારે ચેતીશ?

**દૌલ! સમજ સુન ચેત સયાને કાલ વૃથા મત ખોવે;**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિ હોવે.**

## મૃત્યુંજય

જ્ઞાની ખરેખર મૃત્યુંજય છે એટલે કે તેમણે મૃત્યુને જીતી લીધું છે. જ્ઞાનીને મરણનો ભય નથી; કેમકે આત્મા કદી મરતો જ નથી, આત્મા તો પોતાના ચૈતન્યપ્રાણથી સદા જીવંત જ છે. –આવા આત્મજીવનને જ્યાં નિઃશંકપણે જાણ્યું ત્યાં મરણનો ભય ક્યાંથી હોય?

દેહમાં જેને આત્મબુદ્ધિ છે એવો અજ્ઞાની જીવ, દેહમાં કે સંયોગમાં કંઈક ફેરફાર થતાં 'હાય...હાય! હવે હું મરી જઈશ, દેહ વિના ને રાગ વિના મારો આત્મા જીવી નહિ શકે'–એમ મરણથી ભયભીત રહે છે. જ્ઞાનીએ તો પોતાના આત્માને દેહથી અત્યંત જુદો જ જાણ્યો છે, –રાગથીયે પાર અનુભવ્યો છે, એટલે દેહ છૂટવાના પ્રસંગે પણ મરણની બીક તેને હોતી નથી. જ્યાં મરણ જ મારું નથી ત્યાં બીક કોની?

વન જંગલમાં સંત મુનિ આત્મધ્યાનમાં બેઠા હોય....ને ત્યાં વાઘનું ટોળું આવીને તેમને ઘેરી વળે...કે બોમ્બના ગોળા વરસે તોપણ મુનિ ભયભીત થતા નથી કે આ વાઘનું ટોળું કે આ બોમ્બવર્ષા મારો નાશ કરશે! 'હું તો અરૂપી જ્ઞાનસ્વરૂપ છું, મારું જ્ઞાન અવધ્ય છે–કોઈથી હણાય નહિ, એટલે આ વાઘનું ટોળું કે બોમ્બનું ગોળું મારો નાશ કરવા સમર્થ નથી'–એમ નિઃશંક વર્તતા થકા જ્ઞાની નિર્ભયપણે પોતાના જ્ઞાનસ્વરૂપને સાધીને સિદ્ધ થાય છે.

# વિવિધ વચનામૃત

## સાધ્યનું સાધન ક્યાંથી મળશે?

**સાધ્યનું સાધન કેવું હોય? ને તે ક્યાંથી મળે? તેનું અંતર્ઘોલન પૂ. ગુરુદેવે તદ્દન સુગમ છતાં સચોટ ન્યાયથી કારતક વદ ૧૧ ના રોજ સમજાવ્યું......તેનો સાર.**

* આત્મા પૂર્ણ આનંદને ચાહે છે.....એટલે તે સાધ્ય છે.

* તે આનંદનું સાધન પણ આનંદરૂપ જ હોય, આનંદનું સાધન દુઃખરૂપ ન હોય.

* હવે પૂર્ણ આનંદના સાધનરૂપ જે અંશે આનંદ તે ક્યાંથી આવશે? વર્તમાન દુઃખદશામાંથી આનંદદશા ન આવે; બહારમાંથી પણ ન આવે.

* તો ક્યાંથી આવે? કે આત્મસ્વભાવ આનંદશક્તિથી પરિપૂર્ણ છે, આવા સ્વભાવનો સ્વીકાર કરીને તેમાં એકતારૂપ પરિણમતાં પર્યાય પણ તેના જેવી આનંદરૂપ થવા માંડે છે.

* રાગમાં એકતાથી કે બહારમાં જોવાથી આનંદદશા થતી નથી, પણ અંતરમાં નજર કરીને આનંદસ્વભાવમાં એકતાથી જ આનંદદશા થાય છે.

* આ રીતે નિજસ્વભાવના સેવનથી જ સાધકદશા થાય છે, ને તેના જ સેવનથી સાધ્યદશા પ્રગટે છે. માટે સાધ્ય-સાધક બંને ભાવમાં એક જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું જ સેવન છે.

* સાધ્ય અને સાધક એવા બંને પ્રકારમાં એક જ્ઞાન જ સેવવાયોગ્ય છે; એક જ્ઞાનનું જ, સાધક અને સાધ્ય એવી બે પર્યાયોરૂપે પરિણમન છે; સાધ્ય અને સાધક બંને એક જ્ઞાનરૂપ જ છે, આ રીતે સાધક અને સાધ્ય બંને ભાવો એક જાતના છે. એટલે–

જેમ સાધ્ય રાગ વગરનું છે તેમ સાધકભાવ પણ રાગ વગરનો જ છે.

શુભરાગ સાધક થઈને જ્ઞાનને સાધે એમ બની શકતું નથી, કેમકે બંનેની જાત જુદી છે.

માટે હે જીવ! શુદ્ધ સાધ્યની જાતનો સાધક ભાવ પ્રગટ કરીને તું તારા આત્માને સાધ, સ્વભાવથી ભિન્ન બીજા સાધનને ન શોધ.

* * *

દિલ્હીના એક મુમુક્ષુભાઈના પ્રશ્નોના ઉત્તરઃ

* ધ્યાનચ્યુત અવસ્થામાં પણ ધર્મીને જેટલી શુદ્ધી અને વીતરાગતા છે તેટલું જ સુખ અને ધર્મ છે. જેટલો રાગ છે તેટલું બંધન અને દુઃખ છે. –આ જૈન સિદ્ધાંતનો નિયમ છે.

મુનિરાજને ઉપદેશ–વિહાર–આહારાદિ ક્રિયા થતી વખતે પણ વચ્ચે વચ્ચે વારંવાર ધ્યાનદશા (સાતમું ગુણસ્થાન) થયા કરે છે. મુનિની અંતરદશાનું અનુમાન આ ઉપરથી થઈ શકશે કે–તેમને ૨૪ કલાકમાંથી ત્રીજોભાગ (આઠ કલાક) તો નિયમથી નિર્વિકલ્પધ્યાનમાં જ વીતે છે. કેવી મહાન છે મુનિદશા!–એ તો જાણે નાનકડા કેવળી! (षट्खंडागम માં આ વાત પ્રસિદ્ધ છે.)

* જીવને મોહરહિત જે ઉદય હોય છે તે બંધનું કારણ જરાપણ થતો નથી, તેની નિર્જરા જ થઈ જાય છે. માટે બંધનું કારણ ઉદય નથી પણ બંધનું કારણ મોહ છે.

પ્રશ્નઃ– આ કાળ હલકો છે માટે ઉત્કૃષ્ટ અધ્યાત્મના ઉપદેશની મુખ્યતા કરવી યોગ્ય નથી.

ઉત્તરઃ– આ કાળ સાક્ષાત્ મોક્ષ થવાની અપેક્ષાએ હલકો છે (અર્થાત્ સાક્ષાત્ મોક્ષ આ કાળે અહીંના જીવોને ભલે નથી) પણ આત્મઅનુભવનાદિ વડે સમ્યક્ત્વાદિ હોવાની આ કાળમાં મના નથી,–તે તો આ કાળે પણ થઈ શકે છે. માટે આત્માનુભવનાદિ અર્થે દ્રવ્યાનુયોગનો અભ્યાસ અવશ્ય કરવો.

## સૂર્ય અને વાદળા

મધ્યાહ્નના પૂર્ણ તેજે સૂર્ય પ્રકાશતો હોય, ત્યાં નીચેથી અનેક વાદળાંઓ અવરજવર કરતા હોય. નીચેથી જોનારને એમ લાગે કે વાદળા સૂર્યને ઢાંકે છે! પણ નહિ વાદળાથી ઊંચે સૂર્ય તો એવો ને એવો પ્રકાશી રહ્યો છે. વાદળા આવે ને જાય તેથી કાંઈ સૂર્યનો પ્રકાશ સ્વભાવ ઢંકાઈ જતો નથી.

તેમ હું તો જ્ઞાનસૂર્ય છું, સુખ–દુઃખના સંયોગ–વિયોગરૂપી વાદળા આવે ને જાય, પણ તેથી શું જ્ઞાનસૂર્ય ઢંકાઈ જાય છે?–નહિ! એ વાદળા તો ક્ષણમાં ચાલ્યા જશે, ને હું જ્ઞાનસૂર્ય મારા ચૈતન્યતેજે ચમકતો જ રહીશ. સુખ–દુઃખના વાદળા વડે મારી ચૈતન્યતા કદી ઢંકાશે નહિ.

* સિદ્ધના સાધર્મી કેમ થવાય?

* સિદ્ધ જેવા પોતાના આત્માનું સ્વસંવેદન કરવાથી સિદ્ધના સાધર્મી થવાય છે.

* પર સાથે એકતાનો મોહ કેમ છૂટે?

* ચૈતન્યસ્વરૂપ પોતાના આત્માને લક્ષમાં લઈને અનુભવ કરતાં જ પર સાથે એકતાનો મોહ છૂટી જાય છે.

* વ્યવહારને તમે માનો છો?

YES

* વ્યવહારના આશ્રયે તમે ધર્મ માનો છો?

No

## જીવનું સાચું જીવન

જેણે જીવની શુદ્ધ ચૈતન્યસત્તાનો સ્વીકાર ન કર્યો ને બીજા વડે તેનું જીવન (તેનું ટકવું) માન્યું તેણે જીવના સ્વાધીન જીવનને હણી નાંખ્યું, પોતે જ પોતાનું ભાવમરણ કર્યું. તેને અનંત શક્તિવાળું સ્વાધીન જીવન બતાવીને 'અનેકાન્ત' વડે આચાર્યદેવ સાચું જીવન આપે છે. 'ભાવમરણો' ટાળવા માટે કરુણા કરીને અનંત આત્મશક્તિરૂપી સંજીવની સંતોએ આપી છે, –જેના વડે અવિનાશી સિદ્ધપદ પમાય છે. એ જીવનું સાચું જીવન છે, તે સુખી જીવન છે.

સિદ્ધભગવંતો સુખી જીવન જીવી રહ્યા છે; તેના સાધક–સંતો પણ સુખી જીવન જીવી રહ્યા છે. ચૈતન્યસત્તાની અનુભૂતિ આત્માને સુખી જીવન જીવાડે છે.

# અજ્ઞાની
# ‘અર્થનો અનર્થ’ કરે છે

દ્રવ્ય–ગુણ–પર્યાય તે ‘અર્થ’ છે. દ્રવ્ય પોતે જ ગુણ–પર્યાયોને પામે છે, ને ગુણ પર્યાયો પોતે દ્રવ્યને પામે છે. પણ તે કોઈ બીજા અર્થોને પ્રાપ્ત કરતા નથી કે બીજા અર્થ વડે પ્રાપ્ત કરાતા નથી. –આવી સ્વતંત્ર અર્થવ્યવસ્થા ( વસ્તુસ્વરૂપ ) છે.

હવે આવા અર્થને જે નથી જાણતો, ને પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયનો કોઈ અંશ બીજા વડે પ્રાપ્ત થવાનું માને છે, અથવા બીજાના કોઈ પણ દ્રવ્ય–ગુણ–પર્યાય પોતે કરે એમ જે માને છે–તે ‘અર્થ’ નો અનર્થ કરે છે. આંખના અંધ કરતાં પણ આ ‘અર્થનો અનર્થ’ કરનારને મિથ્યાત્વનો મહાન દોષ છે. દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણતાં મોહનો ક્ષય થાય છે.

વસ્તુ પોતાના ગુણ–પર્યાયમાં રહે છે, એટલે તેને જ તે કરે છે; પરના ગુણ–પર્યાયોને તે કરતી નથી. જો પરને કરે તો તે પરમાં ચાલી જાય ને પદાર્થ–વ્યવસ્થા જ ન રહે, અર્થનો અનર્થ થઈ જાય. માટે આચાર્યદેવ કહે છે કે–

અહો, જિનેન્દ્રદેવના પરમ અદ્ભુત ઉપદેશમાં દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુસ્વરૂપનો યથાર્થ બોધ કરાવ્યો છે, તેને પામીને હે જીવો ! તીક્ષ્ણ પુરુષાર્થ વડે તમે મોહનો નાશ કરો...ને આત્મસ્વરૂપના અતીન્દ્રિયસુખને અનુભવો.

* દરેક વસ્તુ પોતપોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં રહેલી છે;

* મારા દ્રવ્ય–ગુણ–પર્યાય મારા ચેતનરૂપ છે, તેને પરની સાથે સંબંધ નથી;

* પરના દ્રવ્ય–ગુણ–પર્યાયોને તે–તે પદાર્થો સાથે સંબંધ છે, મારી સાથે તેને કાંઈ સંબંધ નથી.

–આમ સ્વ–પરના વિભાગદ્વારા મોહનો નાશ થાય છે. કેમકે જિનોપદેશઅનુસાર સ્વ–પરની અત્યંત વહેંચણી કરનાર જીવ, પોતાની પર્યાયની શુદ્ધી માટે બીજાની સામે નથી જોતો ( –પર સાથે એકતા નથી માનતો ), પણ પોતાના સ્વદ્રવ્યની સન્મુખ જાુએ છે ને સ્વમાં જ એકત્વ કરીને પરિણમે છે. ને એવા સ્વભાવસન્મુખ પરિણમનમાં મોહનો અભાવ થઈને નિર્મોહી વીતરાગીદશા ને પરમ સુખ પ્રગટે છે.

# * વીતરાગભાવનું પ્રતિબિંબ-જિનપ્રતિમાં *

## * ધર્મીને વ્યવહારના સ્થાનમાં વ્યવહાર અને નિમિત્ત હોય છે *

પ્રશ્નઃ– જો રાગનું અવલંબન નથી તો પછી જિનપ્રતિમાનું અવલંબન શા માટે?

ઉત્તરઃ– જેને આત્માના વીતરાગભાવનો પ્રેમ હોય, પણ હજી રાગ હોય તેને શુભરાગ વખતે વીતરાગતાના નિમિત્તો પ્રત્યે લક્ષ જાય છે; જિનપ્રતિમા એ વીતરાગભાવનું પ્રતિબિંબ છે. આવી પ્રતિમાનું અવલંબન શુભરાગ વખતે હોય, શુદ્ધતામાં તો પોતાના સ્વભાવનું જ અવલંબન છે, તેમાં કાંઈ પરનું અવલંબન નથી. જિનપ્રતિમાજીના દર્શનપૂજનના શુભરાગને મોક્ષમાર્ગ માની લ્યે તો તે ભૂલ છે; અને ધર્મીને એવો શુભરાગ હોય જ નહિ એમ માને તો તે પણ ભૂલ છે. જે ભૂમિકામાં જેમ હોય તેમ ઓળખવું જોઈએ. કઈ ભૂમિકામાં કેટલી શુદ્ધતા હોય, કેટલો રાગ હોય ને તે રાગમાં કેવાં નિમિત્તો હોય એનો વિવેક ધર્મીને હોય છે, મુનિદશા જેટલી શુદ્ધતા પ્રગટી હોય ને શરીર ઉપર વસ્ત્ર ઓઢીને ફરવાનો રાગ હોય–એમ બની શકે નહિ. વસ્ત્રના રાગસહિત મુનિદશા માને તેને મુનિદશાની શુદ્ધતાની ખબર નથી. છઠ્ઠા–સાતમા ગુણસ્થાને મુનિને વસ્ત્રનો રાગ ન હોય છતાં ત્યાં વસ્ત્ર હોવાનું માને છે, અને ચોથા–પાંચમા ગુણસ્થાને જિનપૂજા વગેરે રાગ હોય છે છતાં ત્યાં તેના નિમિત્તરૂપ જિનપ્રતિમા વગેરેનો નિષેધ કરે છે,–એ પ્રમાણે અજ્ઞાનીને ધર્મની ભૂમિકાનું ભાન નથી, ને કઈ ભૂમિકામાં કેવા નિમિત્ત હોય તેની પણ તેને ખબર નથી. જિનપ્રતિમાનો સ્વીકાર કર્યો તેથી કાંઈ તેના અવલંબને મોક્ષમાર્ગ થઈ જાય છે એમ નથી. રાગ વગરના આત્મસ્વભાવનું ભાન હોવા છતાં સાધકભૂમિકામાં રાગ બાકી હોય, ત્યાં જેમ પરમાત્માના ગુણોનું સ્તવન તે શુભરાગ છે છતાં તે ભાવ આવે છે, તેવી જ રીતે ભગવાનની મૂર્તિનું અવલંબન તે પણ શુભરાગ છે છતાં તે ભાવ આવે છે. તે જ વખતે નિજપરમાત્માના અવલંબને જેટલી શુદ્ધતા પ્રગટી છે તેટલો જ મોક્ષમાર્ગ છે. જેમ ગુરુની સેવા, ધર્મનું શ્રવણ વગેરે શુભભાવ છે તેમ જિનદેવના દર્શન–પૂજન તે પણ શુભભાવ છે. શુભને શુભ તરીકે જાણવું જોઈએ, ને શુદ્ધતાની ધારા તેનાથી જુદી છે–તેને ઓળખવી જોઈએ.

આ તો સર્વજ્ઞ–વીતરાગનો અલૌકિક માર્ગ છે; તેમાં દ્રવ્ય–પર્યાય, નિશ્ચય–વ્યવહાર, શુદ્ધ અને શુભ, પુણ્ય અને પાપ, બધાનું સ્વરૂપ જેમ હોય તેમ ઓળખવું જોઈએ, ને તેમાંથી પોતાનું હિત ક્યા પ્રકારે છે તેનો વિવેક કરવો જોઈએ. એક ભૂમિકામાં નિર્મળતા હોય તે જુદી ને રાગ હોય તે જુદો,–બંનેનું મિશ્રણ નથી. વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હોય છે, પણ નિશ્ચયસ્વભાવનું અવલંબન કરનારને અંતરમાં વ્યવહારનું અવલંબન રહેતું નથી.

# * રાગના અવલંબન વગરનો વીતરાગનો માર્ગ *

* નિશ્ચય સ્વભાવ–આશ્રિત મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.
* નિજપરમાત્માની ભાવના તે મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.
* ઔપશમિકાદિ ભાવો તે મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.
* સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર તે મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.
* શુદ્ધઉપાદાનકારણ તે મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.
* ભાવશ્રુતજ્ઞાન તે મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.
* શુદ્ધાત્મ–અભિમુખપરિણામ તે મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.
* શુદ્ધાત્માના ધ્યાનરૂપ મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.
* શુદ્ધોપયોગ તે મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.
* વીતરાગભાવ તે મોક્ષમાર્ગ છે... તેમાં રાગનું અવલંબન નથી.

–આ રીતે મોક્ષમાર્ગના ભાવમાં ક્યાંય રાગનું અવલંબન નથી, પોતાના પરમ સ્વભાવનું જ અવલંબન છે. રાગ તે ઉદયભાવ છે, જો તેના આધારે ઉપશમાદિભાવો થાય તો તે બંને જુદા ન રહે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરસનું ઝરણું છે, શાંતરસનું સરોવર છે, તેમાં એકાગ્ર થતાં જે દશા પ્રગટી તે જ મોક્ષમાર્ગ છે. આવી શુદ્ધવસ્તુના અનુભવ વગર ત્રણકાળમાં ભવથી નીવેડો નથી.

અરે, આવો માર્ગ સાંભળીને પણ જીવો પોકાર કરે છે કે અમારો વ્યવહાર ઊડી જાય છે... પુણ્ય ઊડી જાય છે! પણ જરાક ધીરો થઈને સાંભળ, ભાઈ!–શું રાગ હોય તો વીતરાગતા થાય? શું વ્યવહારના અવલંબન વડે નિશ્ચય થાય? શું દોષ દ્વારા નિર્દોષતા પ્રગટે?–અરે, એ કોના ઘરની વાત! રાગથી વીતરાગતા કદી ન થાય; રાગના અભાવથી વીતરાગતા થાય. નિશ્ચયસ્વભાવના અવલંબને જ નિશ્ચયમોક્ષમાર્ગ થાય. રાગ તે દોષ છે તેના દ્વારા નિર્દોષતા ન થાય પણ નિર્દોષ સ્વભાવના અનુભવથી જ નિર્દોષતા થાય. આવો સ્પષ્ટ માર્ગ, તેમાં ક્યાંય ગરબડ ચાલે તેવું નથી.

# આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન

શ્રી ગુરુદેવ કરુણાથી કહે છે કે ભાઈ! અનંતકાળે આવો મોંઘો મનુષ્યભવ મળ્યો તેમાં તારા સત્‌સ્વરૂપને લક્ષમાં લે...વીતરાગમાર્ગમાં કહેલું જ્ઞાનનું સ્વરૂપ જાણ. તારો વીતરાગી જ્ઞાનસ્વભાવ જ તને શરણરૂપ છે, બીજું કોઇ નહિ. ભગવાન અંદર તારા આત્માની સામે એકવાર જો તો ખરો.

* * * * *

જગતના જડ–ચેતન પદાર્થો સ્વતંત્ર જ્ઞેયો છે, ને આત્મા સ્વતંત્ર જ્ઞાતા છે. પદાર્થો દ્રશ્ય છે, આત્મા દ્રષ્ટા છે, તેમની વચ્ચે કર્તા–કર્મપણાનો સંબંધ નથી. જેમ નદીમાં પાણીનાં પૂર વહ્યે જતાં હોય ને કાંઠે ઊભોઊભો માણસ સ્થિર આંખે તે જોતો હોય, ત્યાં કાંઈ તે માણસ પૂરમાં તણાઈ જતો નથી, તેમ પરિણમી રહેલા જગતના પદાર્થોને તટસ્થપણે જાણનારો આત્મા, તે કાંઈ પરમાં તણાઈ જતો નથી. જગતના પદાર્થોના કાર્યોના કર્તા તે પદાર્થો પોતે જ છે, આત્મા નહિ. મકાન–ખોરાક–શરીર વગેરે પુદ્‌ગલમય પદાર્થો ને જો આત્મા ભોગવે તો આત્મા પણ પુદ્‌ગલમય થઈ જાય. એ પુદ્‌ગલમય પદાર્થો તો જુદા છે, ને તેના તરફની લાગણીઓ પણ જ્ઞાનભાવથી જુદી છે, જ્ઞાન તે લાગણીઓને પણ કરતું નથી–ભોગવતું નથી. આ શરીરના એક્કેય રજકણને કે પગ–હાથને આત્મા ચલાવતો નથી, આત્મા તેનો દ્રષ્ટા–સાક્ષી છે.

પોતાનો આવો જ્ઞાનસ્વભાવી આત્મા જેની દ્રષ્ટિમાં આવ્યો છે તે ધર્મી જીવ રાગાદિ વિભાવનું કાર્ય જ્ઞાનને સોંપતો નથી, પોતે તેનો કર્તા થતો નથી. આંખને વેળું ઉપાડવાનું કામ સોંપાય નહિ તેમ જ્ઞાનચક્ષુને જગતનાં કે રાગનાં કામ સોંપાય નહિ. આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્યપિંડ છે, તેનાં કામ તો ચૈતન્યમય હોય. અજ્ઞાનીઓ ભ્રમણાથી ચૈતન્યભગવાનને પણ જડનો (શરીરનો) કર્તા–ભોક્તા માને છે, પણ તેથી કાંઈ તે તેને કરી કે ભોગવી તો શક્તો નથી. ઊંધી માન્યતાનું મિથ્યાત્વ તેને લાગે છે. તેવા જીવને આચાર્યદેવે આત્માનો સાચો સ્વભાવ સમજાવ્યો છે, –કે જેને અનુભવમાં લેતાં જ પરમ સુખ અને ધર્મ થાય છે.

ગુણ–ગુણી અભેદ છે, એટલે જેમ શુદ્ધજ્ઞાન કર્મના બંધ–મોક્ષને કે ઉદય–નિર્જરાને કરતું નથી તેમ શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ તેને કરતો નથી. શુદ્ધઉપાદાનરૂપ ચૈતન્યભાવ અને તેના ભાનરૂપ શુદ્ધ જ્ઞાનપર્યાય, તેમાં ક્યાંય પરનું–રાગનું કર્તા–ભોક્તાપણું નથી. 'શુદ્ધજ્ઞાન' કહેતાં સ્વભાવ તરફ ઢળેલી જ્ઞાનપર્યાય. અથવા અભેદપણે તે જ્ઞાનપર્યાયરૂપે પરિણમેલો જીવ, તેને રાગનું કર્તા–ભોક્તાપણું નથી, ત્રિકાળીવસ્તુમાં નથી ને તેને અનુભવનારી પર્યાયમાં પણ નથી.

જો આત્મા પરને કરે–ભોગવે તો બંને પદાર્થો એક થઈ જાય.

રાગાદિક પણ ઉપાધિભાવો છે, તે સહજ શુદ્ધજ્ઞાનનું કાર્ય નથી.

આવા સ્વભાવની શુદ્ધદ્રષ્ટિરૂપે પરિણમેલો જીવ શુદ્ધઉપાદાનપણે રાગાદિને કરતો નથી; તે પોતાના નિર્મળ ભાવોને કરે છે, પણ પરને કરતો નથી. રાગાદિ વિભાવનું કર્તૃત્વ–ભોક્તૃત્વ અશુદ્ધઉપાદાનમાં છે, પણ અંતર્દ્રષ્ટિથી જ્યાં શુદ્ધઉપાદાનરૂપે પરિણમ્યો ત્યાં તે અશુદ્ધભાવોનું કર્તૃત્વ રહેતું નથી.

જગતમાં આ જીવ સિવાયના બીજા જીવો તેમજ અજીવ પદાર્થો છે, જીવની અવસ્થામાં રાગાદિ છે,–એ બધાયનું અસ્તિત્વ છે ખરું, પણ શુદ્ધસ્વભાવ તરફ એટલે કે સાચા આત્મા તરફ વળેલો જીવ તે બધાયથી પોતાને ભિન્ન અનુભવે છે. હું ચૈતન્યસૂર્ય છું જ્ઞાનપ્રકાશનો પૂંજ છું–એવી અનુભવદશારૂપ પરિણમેલો જીવ તે રાગાદિનો કર્તા–ભોક્તા થતો નથી. નિર્મળ પર્યાય થઈ તેની સાથે અભેદ જીવ છે, એટલે જેમ નિર્મળ જ્ઞાનપર્યાયમાં પરભાવનું કર્તા–ભોક્તાપણું નથી તેમ તે પર્યાયરૂપે પરિણમેલો જીવ પણ પરભાવનો કર્તા–ભોક્તા નથી; શુદ્ધપર્યાયમાં કે અખંડ દ્રવ્યમાં રાગાદિનું કર્તૃત્વ–ભોક્તૃત્વ નથી. આવા આત્માને ઓળખવો તે જ સાચા આત્માની ઓળખાણ છે, અને તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

## * વીતરાગી અહિંસા તે પરમ ધર્મ *

અરે, તારી ચૈતન્યજાતમાં તો સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદ ભર્યા છે. સિદ્ધપરમાત્મા જેવાં ગુણો તારામાં ભર્યા છે, ભાઈ! શરીરાદિ તો જડનાં થઈને રહ્યાં છે, તે તારામાં આવ્યાં નથી ને તારારૂપ થયાં નથી. જે પોતાનાં નથી છતાં તેનો હું

કર્તા–એમ અજ્ઞાની માને છે તે મિથ્યાત્વ છે, મિથ્યાત્વનું મહાપાપ અનંત દુઃખનું કારણ છે. શુદ્ધ જ્ઞાતાસ્વભાવી આત્માને પરનો કે રાગનો કર્તા માનતાં પોતાના જ્ઞાતાભાવની હિંસા થાય છે, ચૈતન્યપ્રાણ હણાય છે, તે જ હિંસા છે.

જ્ઞાની કે અજ્ઞાની કોઈ જીવ પોતાથી ભિન્ન જગતના કોઈ પણ પદાર્થને કરી કે ભોગવી શકતો નથી. ફેર એટલો છે કે અજ્ઞાની 'હું કરું–હું ભોગવું' એમ સ્વ–પરની એકતાની મિથ્યા માન્યતા કરે છે, ને જ્ઞાની સ્વ–પરની ભિન્નતારૂપ યથાર્થ વસ્તુસ્વરૂપ જાણે છે, પરની ભિન્નતા ઉપરાંત અહીં તો એમ બતાવવું છે કે શુદ્ધજ્ઞાનની દ્રષ્ટિવાળા જ્ઞાનીને રાગાદિભાવોનુંય કર્તા–ભોક્તાપણું નથી. આવા શુદ્ધજ્ઞાનની દ્રષ્ટિ થતાં નિર્મળ–વીતરાગપર્યાય થઈ તેનું નામ ધર્મ, અને તે જ પરમ અહિંસા. ભગવાને આવી વીતરાગી અહિંસાને પરમધર્મ કહ્યો છે.

પ્રશ્નઃ– આમાં અમારે કરવાનું શું આવ્યું ?

ઉત્તરઃ– ભાઈ, આમાં કરવાનું એ આવ્યું કે જડથી ને રાગથી ભિન્ન પોતાનું ચૈતન્યસ્વરૂપ જેવું છે તેવું દ્રષ્ટિમાં લઈને તેનો અનુભવ કરવો. મોક્ષને માટે આ જ કરવા જેવું છે. આનાથી વિરુદ્ધ બીજું કાંઈ કરવાનું ચૈતન્યપ્રભુને સોંપવું તે હિંસા છે, અધર્મ છે.

## * ધર્માત્માની ધર્મક્રિયા કેવી છે ? *

જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાથી બહારમાં તો કાંઈ કરી શકતો નથી. અશુદ્ધઉપાદાનપણેય અજ્ઞાની માત્ર રાગને કરે છે, પણ પરને તો અશુદ્ધ ઉપાદાનપણે પણ નથી કરતો; અને આત્માના ભાનની સાચી ભૂમિકામાં તો ધર્માત્મા રાગાદિનેય નથી કરતા, અંતરની અનુભવદ્રષ્ટિમાં તો ધર્મી પોતાના અતીન્દ્રિય આનંદને જ ભોગવે છે. આવું આનંદનું વેદન એ જ ધર્મીની ધર્મક્રિયા છે. આવી ક્રિયા કરે તેને જ્ઞાની કહેવાય. ધર્મી થતાં પોતાની શાંત જ્ઞાન–આનંદમય વીતરાગદશાને જ તે કરે છે ને તેને જ ભોગવે છે, –તન્મયપણે વેદે છે.

વ્યવસ્થિત ભાષા નીકળે, ઈચ્છાનુસાર શરીર ચાલે, છતાં તે કાર્યો આત્માનાં નથી. જે કાર્યમાં જે હોય તેનો તે કર્તા હોય. ભાષામાં આત્મા નથી, ભાષામાં તો પુદ્ગલનાં રજકણો છે. ભાષાનાં રજકણોની ખાણ તો પુદ્ગલોમાં છે, આત્માની

ખાણમાં અવાજનાં કણો નથી, એટલે આત્મા તેનો કર્તા નથી. એ જ રીતે શરીરનાં રજકણોમાં આત્મા નથી, આત્મા તેનો કર્તા નથી. અને ધર્મદ્રષ્ટિમાં ધર્મીજીવ વિભાવનો પણ કર્તા નથી. ધર્માત્માની સાચી ક્રિયા અંતરદ્રષ્ટિ વડે ઓળખાય છે. થોડું લખ્યું ઝાઝું કરીને જાણજો'–એમ આ ટૂંકા સિદ્ધાંત–નિયમો બધે લાગુ કરીને વસ્તુસ્વરૂપ સમજી લેજો.

## * નિજભાવનું ગ્રહણ...પરભાવનો ત્યાગ *

શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મા પરભાવનો કર્તા નથી. જ્ઞાન કહો કે આત્મા કહો, ગુણ–ગુણી અભેદ કરીને કહ્યું કે શુદ્ધઆત્મા રાગાદિને તથા કર્મોને જાણે છે પણ તેને કરતો નથી. જુઓ, આ સાધકદશાની વાત છે,–જેને હજી તે પ્રકારનો વ્યવહાર છે છતાં શુદ્ધસ્વભાવની દ્રષ્ટિમાં તેનું કર્તૃત્વ છૂટી ગયું છે–એવા સાધકની આ વાત છે. નિશ્ચયરત્નત્રયરૂપ મુનિદશારૂપે આત્મા પરિણમે ત્યાં દેહ ઉપરથી વસ્ત્રાદિ છૂટી જ ગયા હોય ને દિગંબરદશા જ હોય; ત્યાં વસ્ત્ર છૂટયા તેને આત્મા જાણનાર છે, પણ છોડનાર નથી. આત્મા પરને ગ્રહનાર કે પરને છોડનાર નથી; પરપદાર્થો તો ત્રણેકાળે આત્માથી છૂટા છે જ. છૂટા છે જ તેને છોડવું શું? 'આ મારાં' એમ અભિપ્રાયમાં ખોટી પક્કડ કરી હતી, તેને બદલે છૂટાને છૂટા જાણ્યા એટલે 'આ મારાં' એવો મિથ્યાઅભિપ્રાય છૂટી ગયો, મારાપણાની મિથ્યાબુદ્ધિનો ત્યાગ થયો, ને પરથી ભિન્ન એવા નિજસ્વરૂપનું સમ્યક્ભાન થયું. આ રીતે ધર્મીને સમ્યક્ત્વાદિ નિજભાવનું ગ્રહણ (અર્થાત્ ઉત્પાદ) અને મિથ્યાત્વાદિ પરભાવનો ત્યાગ (અર્થાત્ વ્યય) છે. અને જ્યાં આવા ગ્રહણ–ત્યાગ થયા ત્યાં દુઃખનું વેદન રહેતું નથી, એટલે તે ધર્મી જીવ દુઃખ વગેરે પરભાવનો ભોક્તા પણ નથી. અનુકૂળ સંયોગમાં હર્ષની લાગણી, ને પ્રતિકૂળસંયોગમાં ખેદની લાગણી, તેનું વેદન જ્ઞાનમાં નથી, જ્ઞાનનું સ્વરૂપ હર્ષ–શોકથી રહિત છે. તેવી લાગણી થાય તેને જ્ઞાની જ્ઞાનભાવથી જાણે ખરા કે આવી લાગણી થઈ; પણ મારું જ્ઞાન જ હર્ષ–શોકરૂપ થઈ ગયું એમ કાંઈ જ્ઞાની નથી જાણતા. હર્ષાદિની લાગણી વખતેય તેનાથી રહિત એવા અકારક–અવેદક જ્ઞાનરૂપે જ ધર્મી પોતાને ઓળખે છે.

## * જ્ઞાનમાં પાપ નથી, તેમ જ્ઞાનમાં પુણ્ય પણ નથી *

નિર્મળ જ્ઞાનપર્યાયમાં રાગનું કર્તૃત્વ–ભોક્તૃત્વ નથી તેમ તે જ્ઞાનપર્યાયમાં અભેદ એવો આખો શુદ્ધઆત્મા પણ તેનો અકર્તા–અભોક્તા છે, એમ કહીને આખોય જ્ઞાયકસ્વભાવ અકારક–અવેદક બતાવ્યો. આવા આત્માનું ભાન થાય તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે; અને તે ધર્મનું મૂળ છે. લોકો દયાને ધર્મનું મૂળ કહે છે પણ એ તો માત્ર ઉપચાર છે, દયાદિ શુભપરિણામ એ કાંઈ મોક્ષનું કારણ નથી, એ તો પુણ્યબંધનું કારણ છે. અહીં તો કહે છે કે જ્ઞાનમાં જેમ હિંસાનો અશુભભાવ નથી, તેમ જ્ઞાનમાં દયાનો શુભભાવ પણ નથી. શુભ–અશુભભાવ કરવાનું કામ જ્ઞાનને સોંપવું તે તો અજ્ઞાન છે, તેને જ્ઞાનની ખબર નથી. જેમ પાપભાવ જ્ઞાનનો સ્વભાવ નથી તેમ શુભવિકલ્પ તે પણ શુદ્ધ જ્ઞાનનું કાર્ય નથી. આ રીતે શુદ્ધજ્ઞાનરૂપે પરિણમતો જ્ઞાની રાગાદિને કરતો નથી, માત્ર જાણે જ છે. ‘જાણે જ છે’ એટલે કે જ્ઞાનરૂપે જ પરિણમે છે.–કાંઈ પરસન્મુખ થઈને એને જાણવાની વાત નથી.

## * આવો માર્ગ વીતરાગનો... *

જુઓ, આ જાણવારૂપ જ્ઞાનક્રિયામાં મોક્ષમાર્ગ સમાય છે જ્યાં અંતર્મુખદ્રષ્ટિ વડે પર્યાયની એકતા શુદ્ધસ્વભાવ સાથે થઈ ત્યાં દ્રવ્યમાં કે પર્યાયમાં ક્યાંય વ્યવહારના વિકલ્પોનું કર્તૃત્વ રહેતું નથી; જ્ઞાનમાં કોઈ વિકલ્પનું કર્તૃત્વ નથી, તેનું ભોક્તૃત્વ નથી, તેનું ગ્રહણ નથી, તે–રૂપ પરિણમન નથી. આવા જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેને ધર્મી જીવ અનુભવે છે. ભગવાને આવા અનુભવને મોક્ષમાર્ગ કહ્યો છે.–

આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.<br>
સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન.

વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા દિવ્યધ્વનિવડે આવો માર્ગ ઉપદેશી રહ્યા છે ને ગણધર વગેરે શ્રોતાજનો ભક્તિપૂર્વક તે સાક્ષાત્ સાંભળી રહ્યા છે, ત્યાં ઘણાય જીવો આવો અનુભવ કરી કરીને મોક્ષમાર્ગરૂપે પરિણમી રહ્યા છે. કુંદકુંદાચાર્યદેવે એ

સીમંધર ભગવાનની વાણી સાંભળીને આ ભરતક્ષેત્રમાં પણ એ જ મોક્ષમાર્ગ પ્રસિદ્ધ કર્યો છે, ને એવો અનુભવ અત્યારે પણ થઈ શકે છે. મોક્ષમાર્ગની રીત ત્રણે કાળે એક જ છે.

શ્રી ગુરુના ઉપદેશથી આવા મોક્ષમાર્ગરૂપે જે જીવ પરિણમ્યો તેને, તે મોક્ષમાર્ગ ઉપદેશનારા દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે ઘણું જ બહુમાન ને વિનયાદિ હોય છે. અને છતાં તે વિનયાદિ શુભરાગ અને અંતરનું જ્ઞાન એ બંનેના લક્ષણ જુદા છે–એવું જ્ઞાન પણ તે જ ક્ષણે વર્તે છે; વંદનાદિ વિનય વખતે જ એનું જ્ઞાન અંતર્સ્વભાવમાં નમેલું છે, રાગમાં નમેલું નથી. શિષ્યને કેવળજ્ઞાન થાય અને તે કેવળજ્ઞાન થયા પછી પણ છદ્મસ્થ ગુરુ પ્રત્યે વંદનાદિ વિનય કરે–એવો તો માર્ગ નથી; એ તો વીતરાગ થયા, હવે તેને વંદનાદિનો રાગ કેવો ? ઊલટું ગુરુને એમ થાય કે વાહ, ધન્ય છે એને....કે જે પદને હું સાધી રહ્યો છું તે કૈવલ્યપદ એણે સાધી લીધું. વીતરાગને તો વિકલ્પ હોતો જ નથી, પણ અહીં તો કહે છે કે–જેને તે પ્રકારનો વિકલ્પ આવે છે એવા જ્ઞાનીને પણ તે વિકલ્પનું કર્તૃત્વ જ્ઞાનમાં નથી.–આવો જ્ઞાનસ્વભાવ છે, ને આવો વીતરાગનો માર્ગ છે. જેમ બહારના કણિયા આંખમાં સમાતા નથી તેમ બાહ્યવૃત્તિરૂપ શુભાશુભરાગ તે જ્ઞાનભાવમાં સમાતા નથી. રાગ તો આકુળતાની ભઠ્ઠી છે ને જ્ઞાનભાવ તો પરમ શાંતરસનો સમુદ્ર છે, તે જ્ઞાનસમુદ્રમાં રાગરૂપ અગ્નિ કેમ સમાય ? જ્ઞાન પોતે રાગમાં ભળ્યા વગર તેનાથી મુક્ત રહીને તેને જાણે છે. આવો જ્ઞાનસ્વભાવ સમ્યગ્દર્શનમાં ભાસ્યો.


## * જ્ઞાન અને રાગ જુદા છે *

જ્ઞાન અને રાગ જુદા છે,–એમ જુદાપણું કહો કે અકર્તાપણું કહો; કેમકે ભિન્નપણામાં કર્તાપણું ન હોય. પોતાથી ભિન્ન હોય તેને આત્મા જાણે ખરો પણ કરે નહિ. જેમ કેવળજ્ઞાનમાં વિકલ્પ નથી તેમ સાધકના શ્રુતજ્ઞાનમાં પણ વિકલ્પ નથી; જ્ઞાનથી વિકલ્પ જુદો છે, એટલે જ્ઞાનમાં તે નથી. કેવળજ્ઞાનની ભૂમિકામાં તો વિકલ્પ છે જ નહિ, જ્યારે શ્રુતજ્ઞાનની ભૂમિકામાં દેવ–ગુરુની ભક્તિ વગેરે વિકલ્પો છે પણ જ્ઞાની તેને કરતો નથી, તેને જ્ઞાનથી ભિન્નપણે જાણે છે. એટલે જ્ઞાનીને વિકલ્પ જ્ઞાનના જ્ઞેયપણે છે પણ જ્ઞાનના કાર્યપણે નથી. જ્ઞાનપણે પરિણમેલો

જીવ રાગાદિકષાયોને સ્પર્શતો ય નથી,–સ્પર્શ્યો ત્યારે કહેવાય કે જો તેની સાથે એક્તા કરે. જેમ આંખ અગ્નિને અડતી નથી, (અડે તો દાઝી જાય) તેમ જ્ઞાનચક્ષુ શુભાશુભ–કષાયરૂપ અગ્નિને અડતું નથી, જો અડે એટલે કે એકત્વ કરે તો તે અજ્ઞાન થઈ જાય; માટે જ્ઞાન પરભાવોને અડતું નથી, કરતું નથી, વેદતું નથી, તન્મય થતું નથી. આવા જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ સાચો આત્મા છે. રાગને કરે એવો આત્મા તે 'સાચો આત્મા' નથી, એટલે કે આત્માનું ભૂતાર્થસ્વરૂપ એવું નથી. શુભરાગ વગેરે વ્યવહારક્રિયા કરતાં કરતાં નિશ્ચય સમ્યક્ત્વાદિ થશે–એમ જે માને તેણે સાચા આત્માને નથી જાણ્યો પણ રાગને (અનાત્માને) જ આત્મા માન્યો છે, તે મોટો ખોટો છે (–મિથ્યાદૃષ્ટિ છે). સત્ય એવા ભૂતાર્થ આત્માને જાણ્યા વગર સમ્યગ્દર્શન ન થાય, સમ્યગ્દર્શન વગર ચારિત્રદશા (મુનિપણું) ન હોય, ને ચારિત્રદશા વગર મોક્ષ ન હોય. ચારિત્ર (મુનિદશા વગર તો સમ્યગ્દર્શન હોઈ શકે, પણ ચારિત્રદશા સમ્યગ્દર્શન વગર કદી હોઈ શકે નહિ. માટે મોક્ષાર્થિએ સાચા આત્માનો નિર્ણય કરીને સમ્યગ્દર્શન કરવું જોઈએ.

## * સત્ છેતરાશે નહિ *

શ્રી ગુરુ કરુણાથી સંબોધે છે કે બાપુ! અનંતકાળે મોંઘું એવું આ મનુષ્યપણું મળ્યું ને સત્યધર્મ સમજવાનો યોગ મળ્યો, તેમાં જો અત્યારે તારા સત્સ્વભાવને ઓળખીને તેનું શરણ ન લીધું તો ચારગતિમાં ક્યાંય તને શરણ નહિ મળે. તું બહારથી કે રાગથી ધર્મ મનાવી દે તેથી કદાચ જગતના અજ્ઞાનીઓ છેતરાશે ને તેઓ તને માન આપશે, પણ ભગવાનના માર્ગમાં એ વાત નહિ ચાલે, તારો આત્મા તને જવાબ નહિ આપે, રાગથી ધર્મ માનતાં તારો આત્મા છેતરાઈ જશે, સત્ નહિ છેતરાય, સત્ તો જેવું છે તેવું જ રહેશે. તું બીજું માન તેથી કાંઈ સત્ ફરી નહિ જાય. રાગને તું ધર્મ માન તેથી કાંઈ રાગ તને શરણ નહિ આપે. ભાઈ! તને શરણરૂપ ને સુખરૂપ તો તારો વીતરાગસ્વભાવ છે, બીજું કોઈ નહિ. ભગવાન! તારા અંતરમાં બિરાજમાન આવા આત્માને એકવાર જો તો ખરો.



રે જીવ!

આ મરણના મુખમાં પડેલા

હરણને કોઈ શરણ છે?

ના.

અને તને.....?

(ધર્મ જ શરણ છે.)

# વૈરાગ્ય સમાચાર

* મીઠોઈ (જામનગર) ના ભાઈશ્રી પ્રેમચંદ કેશવજી તા. ૨૫–૧–૬૯ ની રાત્રે નાઈરોબી (આફ્રિકા) મુકામે એકાએક સ્વર્ગવાસ પામી ગયા. નાઈરોબી મુમુક્ષુમંડળના તેઓ પ્રમુખ હતા; તેઓ ભદ્ર અને સરલસ્વભાવી હતા. નાઈરોબીમાં ધર્મપ્રચાર માટે તેમનો ફાળો હતો. અને નાઈરોબીમાંથી નિવૃત્ત થઈને ટૂંક સમયમાં જ ભારતમાં આવી, સોનગઢમાં ગુરુદેવની છાયામાં રહીને લાભ લેવાની તેમની તમન્ના હતી. તે માટે સોનગઢમાં સ્વતંત્ર મકાન લઈ લીધું હતું ને ગત આસો માસમાં ઉલ્લાસપૂર્વક તેનું વાસ્તુ પણ કર્યું હતું, તે પ્રસંગે સજોડે બ્રહ્મચર્યપ્રતિજ્ઞા પણ લીધી. ચારેક મહિના સોનગઢમાં ગુરુદેવનો લાભ લઈને આફ્રિકા ગયા ને થોડા જ દિવસમાં સ્વર્ગવાસ પામી ગયા. ભારતમાં પંચકલ્યાણકપ્રતિષ્ઠા કે ગુરુદેવ સાથેની તીર્થયાત્રા જેવા મહત્ત્વના પ્રસંગોમાં ભાગ લેવા તેઓ આફ્રિકાથી દરવખતે આવી પહોંચતા. આગામી વૈશાખ માસમાં પણ મુંબઈ આવવાની તેમની ભાવના હતા. આફ્રિકા જતાં પહેલાં "વીતરાગ–વિજ્ઞાન" (છહઢાળા પ્રવચનો) નું બીજું પુસ્તક છપાવીને આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવા માટે રૂા. ત્રણ હજાર તેઓ પ્રમુખશ્રીને સોંપી ગયા છે. પણ પુસ્તક છપાય ત્યારપહેલાં તેઓ ચાલ્યા ગયા. દેવ–ગુરુ–ધર્મની છાયામાં વીતરાગવિજ્ઞાન પ્રગટ કરવાનું પોતાનું કાર્ય તેઓ પૂરું કરે–એમ ઈચ્છીએ.

* સોનગઢમાં તા. ૨૮–૧–૬૯ ની સવારમાં બીલખાવાળા ભાઈશ્રી નાગરદાસ શામળજી ટીંબડીઆ (તે તારાચંદ ફૂલચંદ ખારાના જમાઈ) સ્વર્ગવાસ પામી ગયા. આગલા દિવસ સુધી તો તેઓ પ્રવચનમાં આવેલા. છેલ્લા એક માસથી તેઓ સોનગઢ રહીને લાભ લેતા હતા.

* લાઠીના શેઠશ્રી તલકચંદ અમરચંદ ભાયાણી તા. ૨૭-૧-૬૯ નારોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લાઠી જૈનસંઘના એક આગેવાન વડીલ હતા, ને ગુરુદેવનો અવારનવાર લાભ લેતા, તથા ભજનદ્વારા પોતાની ઊર્મિ વ્યક્ત કરતા. સ્વર્ગવાસની આગલી સાંજે પણ પોતાના હાથે એક ભજનની પંક્તિઓ લખીને ગુરુદેવ પ્રત્યે ભક્તિ વ્યક્ત કરી હતી.

* લાડનૂવાળા શેઠશ્રી ગજરાજજી ગંગવાલ ( વછરાજજી શેઠના ભાઈ ) જયપુર મુકામે તા. ૨૬-૧-૬૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. જૈનસમાજમાં તેઓ એક આગેવાન હતા; પૂ. ગુરુદેવ તીર્થયાત્રામાં લાડનૂ-માંગીતૂંગી તથા કલકત્તા પધાર્યા ત્યારે તેમણે સ્વાગતમાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો ને ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ હતો.

* જયપુરના પં. શ્રી ચૈનસુખદાસજી ન્યાયતીર્થ તા. ૨૫-૧-૬૯ ના રોજ સ્વર્ગવાસ પામી ગયા છે. ત્રણ દિવસ અગાઉ તો તેમની જન્મજયંતિ હતી. જયપુર સમાજમાં તેઓ પ્રસિદ્ધ સુધારક વિદ્વાન હતા, સં. ૨૦૨૩માં ગુરુદેવ જયપુર પધાર્યા ત્યારે ગુરુદેવનો પ્રભાવ દેખીને તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

* દિલ્હીના વયોવૃદ્ધ પં. શ્રી જુગલકિશોરજી મુખ્તાતાર પણ ગતમાસમાં સ્વર્ગવાસ પામી ગયા. તેમને ઐતિહાસિક સંશોધનનો શોખ હતો, અષાડ વદ એકમનો દિવસ 'વીરશાસનજયંતિ' તરીકે વિશેષ પ્રચારમાં લાવવામાં તેમનો પણ પ્રયાસ હતો.

* રાજકોટના ભાઈશ્રી વિકમશી કાલીદાસ સંઘવી તે ( ચંદુલાલભાઈ તથા જમનાદાસભાઈના પિતાજી ) તા. ૧૭-૧-૬૯ નારોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વડોદરાવાળા કેશવલાલ ત્રિભુવનદાસના ધર્મપત્ની શ્રી રૂક્ષ્મણીબેન ( અજયકુમારના દાદીમા ) તા. ૨૯-૧-૬૯ ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગર મુકામે પુનાતર જમનાદાસ તલકસી માહ સુદ ૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓ જિનશાસનના શરણે આત્મહિત પામો.

અશરણ એવા આ સંસારમાં એક ધર્મ જ જીવને શરણરૂપ છે.

# સ્વતત્ત્વનો સાચો વિચાર

ભાઈ, તે કદી તારા સાચા સ્વરૂપનો વિચાર જ કર્યો નથી કે અરે, હું કોણ છું? મારામાં શું થઈ રહ્યું છે? મારી દશામાં દુઃખ ને અશાંતિ કેમ છે? તે ટાળીને શાંતિ પ્રાપ્તિ કરવા મારે શું કરવું જોઈએ? મારામાં એવું ક્યું વસ્તુસ્વરૂપ છે કે જેની સન્મુખ જોતાં દુઃખ ટળે ને સુખ પ્રગટે? દુઃખમાંથી તો કાંઈ સુખ ન આવે; તો દુઃખ વગરનું એવું ક્યું તત્ત્વ છે જેમાંથી મને સુખ મળે? –આ પ્રમાણે સ્વતત્ત્વનો સાચો વિચાર (એટલે કે સ્વસન્મુખ વિચાર) કરે તો સમ્યગ્જ્ઞાન થાય. અરે, આવા ઉપાયથી દેડકા જેવા આત્માઓ પણ આત્મજ્ઞાન પામીને મોક્ષમાર્ગે ચડી ગયા; ને આ ઉપાય વિના મંદકષાયપૂર્વક બહારમાં હજારો રાણીઓ ને રાજપાટ છોડીને દ્રવ્યલિંગી સાધુ થવા છતાં આત્મજ્ઞાન ન પામ્યા. જગતમાં ભલે એ મહાત્મા તરીકે પૂજાતો હોય, પણ અંદર પોતે મહાન–આત્મા રાગદ્વેષ વગરનો આનંદકંદ છે–તેના ભાન વગર એના ભવભ્રમણનો અંત નહિ આવે. વીતરાગદેવે કહેલી વાસ્તવિક પદાર્થની વ્યવસ્થાઅનુસાર આત્માનો કાયમી સ્વભાવ શું ને પલટતો ભાવ શું–તેને જાણ્યા વગર જીવની અવસ્થામાં સમ્યક્ત્વાદિનું પરિણમન થતું નથી એટલે કે ધર્મ થતો નથી.

હજી તો રાગથી ને શરીરથી હું જુદો–એટલું જાણવાનું પણ જેને કઠણ લાગે, તેને અંદરનું ત્રિકાળી તત્ત્વ–કે જે નિર્મળપર્યાયથી પણ કથંચિત્ ભિન્ન છે, તેનું સ્વરૂપ ક્યાંથી લક્ષમાં આવશે? ચેતનામૂર્તિ આત્માને જડ–દેહાદિ સાથે તો કદી એકતા થઈ નથી. દેહમાં અનંતા રજકણો છે ને તેમાંનો દરેક રજકણ દ્રવ્યપણે ધ્રુવ રહીને પોતાની પર્યાયરૂપે સ્વયં પલટાયા કરે છે.–આત્મા તેને કરતો નથી. દેહથી ભિન્ન ભગવાન આત્મા પણ અનંતગુણનો પિંડ સત્ વસ્તુ છે, તે દ્રવ્યપણે ધ્રુવ રહીને ક્ષણેક્ષણે પોતાની પર્યાયરૂપે સ્વયં પલટાયા કરે છે. –તેનું કારણ કોઈ બીજું નથી. રાગપરિણામ હો કે વીતરાગપરિણામ હો, તે પરિણામ પોતાની પર્યાયથી જ છે, તેનું કારણ બીજું કોઈ નથી. સત્દ્રવ્ય ને સત્પર્યાય બંને થઈને આખી સત્વસ્તુ છે. આવી સત્વસ્તુનો વિચાર કરીને તેનું સાચું જ્ઞાન કરવું જોઈએ.

## * સત્ સમજતાં અમરપણું *

અંદરમાં પોતાના આવા સત્‌ને સમજે તો જીવ નીડર થઈ જાય, મરણની બીક ન રહે. મરે કોણ? હું તો ત્રિકાળ આનંદકંદ છું; દ્રવ્યદ્રષ્ટિમાં મારે જન્મ–મરણ છે જ નહિ. દેહાદિસંયોગો તો અધ્રુવ જ છે, એના નાશથી કાંઈ મારો નાશ થતો નથી. તે તો પહેલેથી જ મારાથી જુદા છે; મારારૂપે કદી થયા જ નથી. 'હું તો અખંડ પરમાત્મતત્ત્વ છું' –એવી ભાવનારૂપ જે ઔપશમિકાદિ ભાવો તે મોક્ષનું કારણ છે. મોક્ષ કહો કે અમરપદ કહો, તે આવા ભાવવડે પમાય છે.

તે ભાવો કેવા છે? સમસ્ત રાગાદિથી રહિત છે, અને શુદ્ધઉપાદાનકારણરૂપ છે, તેથી તે મોક્ષનું કારણ છે. તે સમસ્ત રાગરહિત હોવાથી તેને મોક્ષના કારણ કહ્યા, એટલે રાગનો કોઈ અંશ તે મોક્ષનું કારણ નથી.

## * સ્વદ્રવ્યની ભાવના રાગવગરની છે *

પ્રશ્નઃ– સાધકને ઉપશમાદિ ભાવ વખતે રાગ તો હોય છે, છતાં તેને 'સમસ્ત રાગાદિરહિત' કેમ કહ્યા?

ઉત્તરઃ– જે ઉપશમાદિ નિર્મળભાવો છે તે તો રાગ વગરના જ છે; તે કાળે સાધકભૂમિકામાં રાગ હો ભલે પણ તે તો ઉદયભાવરૂપે છે, તે કાંઈ ઉપશમાદિ ભાવરૂપે નથી, એટલે ઉપશમાદિ નિર્મળભાવોમાં તો જરાપણ રાગ છે જ નહિ, માટે તે ભાવો સમસ્ત રાગાદિ રહિત જ છે. અંશે શુદ્ધતા અને અંશે રાગ બંને એકસાથે વર્તતા હોવા છતાં બંનેનું સ્વરૂપ જુદું છે–એમ ઓળખે તો ભેદજ્ઞાન થાય. જે કોઈ રાગઅંશ છે તે તો બંધનું જ કારણ છે, તે મોક્ષનું કારણ જરાય નથી; અને મોક્ષનું કારણ ઉપશમાદિ નિર્મળભાવો છે, તે તો રાગ વગરના જ છે. જે શુભરાગ છે તે કાંઈ મોક્ષકારણરૂપ 'ભાવના' નથી, શુદ્ધચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થતાં જે નિર્વિકારદશા પ્રગટી તે મોક્ષકારણરૂપ 'ભાવના' છે, તેમાં રાગ નથી.

# સોનગઢમાં
# ધાર્મિક અધ્યયન માટેની યોજના

પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજી સ્વામીની ૮૦ મી જન્મજયંતિ વૈશાખ સુદ બીજનાં રોજ મુંબઈમાં “રત્નચિન્તામણિ–મહોત્સવ” તરીકે ધામધૂમથી ઉજવવામાં આવશે. તેના ઉપલક્ષમાં શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા નીચે મુજબની એક યોજના વિચારવામાં આવી છે.

(૧) જૈનધર્મમાં રુચિ રાખવાવાળા કોઈ પણ ત્યાગી અથવા સુયોગ્ય વિદ્વાન કે જે અહીં રહીને ધાર્મિક અધ્યયન કરે, પૂજ્ય આત્મજ્ઞ સંત શ્રી કાનજી સ્વામીના પ્રવચનોનું નિત્ય શ્રવણ કરે, અહીં તેમને માટે એક શિક્ષણશિબિર ચાલે તેમાં ખંતપૂર્વક અભ્યાસ કરે અને જે વિષયો અભ્યાસક્રમમાં રાખવામાં આવે તેમાં નિપુણતા મેળવે.

(૨) આ રીતના કાર્યક્રમમાં સતત બે માસ સુધી ઉપસ્થિત રહે તેને માટે અહીં નિવાસસ્થાનની તથા ખાનપાનાદિની વ્યવસ્થા કરી આપવામાં આવશે અને જેમને પ્રવાસ–ખર્ચ આપવાની આવશ્યકતા જણાશે તેમને તે પણ આપવામાં આવશે.

(૩) શાસ્ત્રાભ્યાસમાં નિપુણતા પ્રાપ્ત કર્યા પછી તેમને બહાર ગામ ધર્મપ્રચારાર્થે મોકલવામાં આવશે. ત્યાં તેઓ, પૂજ્ય સ્વામીજી જે જૈન સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે તેવા પ્રકારનો ઉપદેશ જૈનજનતાને આપે, શિક્ષણશિબિર ખોલે અને તેમાં વિદ્યાર્થીઓને તથા પ્રૌઢોને શિક્ષણ આપે.

(૪) પ્રચાર–કાર્ય માટે ગૃહસ્થ–વિદ્વાન જાય તેમને યોગ્યતાનુસાર વેતન પણ આપવામાં આવશે.

(૫) સમયની અનુકૂળતા મુજબ આવા શિક્ષણશિબિરો અહીં ખોલવામાં આવશે અને તે ઓછામાં ઓછા બે માસ પર્યંત ચાલશે. આવી રીતે વરસ દરમ્યાન ત્રણ વખતનો કાર્યક્રમ રહેશે અને તે હાલ તુરત બે વર્ષ સુધી ચાલુ રાખવામાં આવશે. પ્રારંભનો આવો શિક્ષણવર્ગ લગભગ મે માસમાં ચાલુ કરવાની ધારણા છે.

(૬) ઉપરોક્ત યોજનાનો જે કોઈ લાભ લેવા ઈચ્છતા હોય તેમણે પોતાનો અભ્યાસ (ધાર્મિક તથા લૌકિક), ઉમર, હાલની કાર્યવાહી વગેરેની પૂરી વિગત સાથે નીચેના સરનામે પત્ર–વ્યવહાર કરવો. જેમની પસંદગી કરવામાં આવશે તેમને યોગ્ય સમયે સૂચના આપવામાં આવશે અને તે વખતે તેમણે અહીં આવવું જોઈશે.

સોનગઢ
તા. ૪–૧–૬૯

નવનીતલાલ સી. જવેરી
પ્રમુખ
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

## વિજ્ઞપ્તિ

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનો સાંભળવા તથા ધાર્મિક શિક્ષણ વર્ગમાં અભ્યાસ કરવા માટે ઘણા મુમુક્ષુ ભાઈ–બહેન સોનગઢ આવે છે.

હિન્દીભાષી મુમુક્ષુઓ માટે જે ધર્મશાળા બનાવવામાં આવી છે તે પણ હવે બહુ જ નાની પડે છે–એટલે દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ દ્વારા વાર્ષિક મીટિંગમાં વર્તમાન ધર્મશાળા ઉપરએક માળ બનાવવાની યોજના વિચારવામાં આવી છે. જે ભાઈ–બહેન રૂા. ૪૦૦૦) નું દાન આપશે તેમના નામનો એક રૂમ બનાવીને તેમાં દાતાના નામની તકતી લગાડવામાં આવશે. એક રૂમ માટે બે વ્યક્તિઓ મળીને પણ દાન આપી શકે છે. તે ઉપરાંત નાની–નાની રકમો પણ સ્વીકારવામાં આવશે; અને એવા દાતાઓના નામ બોર્ડ ઉપર લખવામાં આવશે. યોજનાની શરૂઆત થઈ ચૂકી છે. પહેલા રૂમ માટે શ્રી નવનીતલાલ ચુનીલાલ જવેરી (પ્રમુખ–શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ) તરફથી રૂા. ૪૦૦૦) ચાર હજારની તથા બીજા એક રૂમ માટે ખંડવા નિવાસી શ્રી રાયસાહેબ પ્રેમચંદજી ચંપાલાલજી તરફથી તેમના ધર્મપત્ની સ્વ. માણેકબાઈના સ્મરણાર્થે રૂા. ૪૦૦૦) ચાર હજારની જાહેરાત કરવામાં આવી છે. રૂમની માલિકી ટ્રસ્ટની રહેશે; પણ દાતાઓના સગા–સંબંધીઓ માટે ઊતરવામાં પ્રથમ પસંદગી આપવામાં આવશે.

**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# તારા પગલે પગલે નાથ ! ઝરે છે આતમરસની ધાર

પૂ. ગુરુદેવની સાથે સોનગઢથી મુંબઈ સુધીના આનંદકારી મંગલવિહારના કેટલાંક મધુર સંભારણા અહીં રજૂ થશે. સ્વયં કલ્યાણકારી, અને કલ્યાણક પ્રસંગોએ વિહાર કરી રહેલ ગુરુદેવનો પ્રભાવ કોઈ અલૌકિક છે. જ્યાં એમની હાજરી હોય ત્યાં નાનકડા સમવસરણ જેવું વાતાવરણ ખડું થઈ જાય છે. ઠેર ઠેર હજારો જીવો, તેમના ઉપદેશનું અંતરંગ હાર્દ સમજે કે ન સમજે તોપણ, એક કલાક સતત વહેતી અધ્યાત્મરસધારાના અનેરા વાતાવરણ વચ્ચે બેસીનેય ચિત્તની અનેરી શાંતિ અનુભવે છે ને પ્રભાવિત થાય છે. ને અંદરનું હાર્દ જે સમજે–એવા વિરલ જીવોની તો વાત અલૌકિક છે. આવા પ્રભાવશાળી ગુરુદેવની સાથે ને સાથે રહીને, નિરન્તર ઉપદેશ ઝીલીને તેનું આલેખન કરતાં આત્મા કૃતાર્થતા અનુભવે છે...ને આ રીતે ઠેઠ સિદ્ધાલય સુધી ગુરુદેવની સાથે જ રહેવાનું છે. –બ્ર. હ. જૈન

માહ વદ છઠ્ઠ સોનગઢ (તા. ૮–૨–૬૯) ની વહેલી સવારમાં વિદેહીનાથ સીમંધરપ્રભુના ભાવથી દર્શન કર્યા, ત્યારબાદ માંગળિક સંભળાવીને ગુરુદેવે કહ્યું કે આ આત્માને પંચપરમેષ્ઠી ભગવંતોનું શરણ છે–તે શરણ વ્યવહારથી છે; નિશ્ચયથી પોતાનો ધ્રુવઆત્મા 'પાંચ બોલે પૂરો પ્રભુ' –તે જ પોતાનું શરણ છે. આત્મા જ્ઞાનદર્શનસ્વરૂપ છે; તે સ્વધર્મથી અભિન્ન, અને પરદ્રવ્યોથી ભિન્ન છે તેથી એક છે; એક હોવાથી શુદ્ધ છે, શુદ્ધ હોવાથી ધ્રુવ છે; અને ધ્રુવ હોવાથી તે જ શરણ છે. આવા આત્માને બીજા કોઈનું અવલંબન નથી. આવા પાંચ બોલે પૂરા પ્રભુને જાણીને આત્મસ્વભાવનું અવલંબન લેવું તે સાચું શરણ છે, તે સાચું મંગળ છે, –આવા મંગળપૂર્વક ગુરુદેવે પ્રસ્થાન કર્યું.

સ્વાધ્યાય મંદિરમાંથી બહાર નીકળતાં પગથિયા પાસે ક્ષણવાર થંભી ગયા..ને ઊંચે નજર કરીને દર્શન કર્યા. –કોનાં? વહાલા વિદેહીનાથના ઊંચે આકાશમાં...માનસ્તંભ ઉપર બિરાજમાન સીમંધરનાથના દર્શન કરીને મંગલપ્રસ્થાન કર્યું...રસ્તામાં પણ એ જ **'પાંચ ભાવે પૂરા મહાન આત્મા'** નું રટણ કરતા કરતા બોટાદ આવી પહોંચ્યા...ત્યાં ભગવાન શ્રેયાંસનાથના દર્શન કરીને, અને બોટાદના ભક્તજનોને આનંદિત કરીને તરત પ્રસ્થાન કર્યું...થોડીવારે રાણપુર આવી પહોંચ્યા, ભક્તોએ ઉમંગથી સ્વાગત કર્યું...ભગવાન મહાવીરપ્રભુનાં દર્શન કરીને ગુરુદેવે માંગળિક સંભળાવ્યું. બપોરે

પ્રવચનમાં સમયસારમાંથી પહેલો મંગળ શ્લોક नमः समयसाराय...વાંચ્યો તેમાં કહ્યું કે ભાઈ! જેને જાણતાં જાણનારને આનંદ થાય એવો તો આ આત્મા છે. આત્મા અંતર્મુખ થઈને જ્યારે પોતે પોતાને જાણે છે ત્યારે તેને સાચું જ્ઞાન અને સુખ છે. અરે, પોતે પોતાને ન જાણે–એને સુખ કેવું? ને જ્ઞાન કેવું? બાપુ! આવો અવસર મળ્યો તેમાં આત્માને જાણવા જેવું છે. ધ્રુવઅવિનાશી સ્વભાવના અવલંબને મોક્ષપુરી તરફ ચાલ્યો જતો મોક્ષનો મુસાફર જીવ, વચ્ચે ઝાડની છાયાની માફક સંસર્ગમાં આવતા રાગાદિ પરભાવો–તેને તે પોતાના માનતો નથી, તે છાયારૂપે (રાગરૂપે) હું થઈ ગયો એમ તે માનતો નથી પણ જ્ઞાનસ્વભાવે ધ્રુવ રહેનાર હું છું–એમ તે અનુભવે છે. આવો અનુભવ ને આવું જ્ઞાન તે આનંદકારી છે, એ સિવાય બીજે ક્યાંય આનંદ નથી; સંયોગો તો બધા જીવને માટે અધ્રુવ છે, તેનું શરણ નથી.

માહ વદ ૭ ને રવિવાર (તા. ૮) ના રોજ ગુરુદેવ રાણપુરથી અમદાવાદ પધાર્યા; અમદાવાદના અને ગુજરાતના મુમુક્ષુઓએ ઉમંગભેર ગુજરાતના પાટનગરમાં ભવ્ય સ્વાગત કર્યું...સ્વાગતમાં બે હાથી હતા. વચ્ચે જિનમંદિરમાં દર્શન કર્યા ને પછી સારંગપુરમાં (પારસનગરમાં) ભવ્ય પ્રતિષ્ઠામંડપ વચ્ચે મંગલ સંભળાવતાં કહ્યું કે હે ધર્મજિનેશ્વર! એટલે પરમાર્થે અતીન્દ્રિય જ્ઞાન–આનંદથી ભરેલો આત્મા, તારો મન રંગ લાગ્યો છે, તે રંગમાં ભંગ પડવાનો નથી; આત્માનો રંગ લગાડીને તેને સાધવા જાગ્યો તેમાં હવે વચ્ચે બીજો રંગ લાગવાનો નથી, એ અમારી ટેક છે, તીર્થંકરોના કૂળના અમે, અમારી ટેક છે કે ચૈતન્યના રંગમાં વચ્ચે બીજો રંગ લાગવા દૈ નહીં. આમ અપ્રતિહતભાવરૂપ મંગલાચરણ કર્યું.

શહેરના ભરચક લત્તા વચ્ચે પ્રતિષ્ઠા–મહોત્સવ માટેનો મંડપ ઘણો વિશાળ હતો. જિનમંદિર (જેનું બાંધકામ હજી ચાલુ છે ને કુલ છ લાખ રૂા. ના ખર્ચનો અંદાજ છે–) તે પણ શહેરના ભરચક લત્તા વચ્ચે ઘણું વિશાળ છે. સવારે કર્તાકર્મ–અધિકાર ઉપર પ્રવચનો થતા, અને બપોરે પદ્મનંદીપચ્ચીસીમાંથી ઋષભજિનસ્ત્રોત ઉપર પ્રવચનો થતા. શરૂમાં રાત્રે તત્ત્વચર્ચા પણ થતી; પ્રવચનમાં તેમજ ચર્ચામાં પાટનગરની જનતા હજારોની સંખ્યામાં લાભ લેતી હતી. અને પંચકલ્યાણક ઉત્સવ નજરે નીહાળવા સૌ આતૂરતાથી રાહ જોતા હતા. અંતે માહ વદ તેરસ આવી...ને પંચકલ્યાણકની મંગલ વધાઈ લાવી.

# 卐 ગુજરાતના પાટનગરમાં જૈનધર્મના જયજયકાર 卐

## અમદાવાદ શહેરમાં અભૂતપૂર્વ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ

અમદાવાદ શહેર.....ગુજરાતનું પાટનગર... જ્યાં ૧૬ લાખની વસ્તીમાં સવાલાખ જેટલા જૈનો હોવાનો અંદાજ છે, કદાચ ભારતભરમાં જૈનોની સૌથી વધુ વસ્તી આ શહેરમાં હશે. એવું આ શહેર આ માસમાં વિશેષપણે શોભી ઊઠયું. ખાડીયા વિસ્તારમાં દિ. જૈનમુમુક્ષુ મંડળ દ્વારા બંધાયેલા અતિ વિશાળ, ભવ્ય, ૫૬ ફૂટ જેટલા ઉન્નત અને શિખરબંધી જિનમંદિર દ્વારા નગરી પ્રફૂલ્લિત બની. તે જિનાલયમાં મૂળનાયક શ્રી પારસનાથ ભગવાન છે; તે ઉપરાંત ભવ્ય કમલ ઉપર બિરાજમાન શ્રી આદિનાથ ભગવાનના પ્રતિમાજી બે ટન (૧૧૨ મણ જેટલા) વજનના, સાડા પાંચ ફૂટ ઊંચા અને સવાતેર હજાર રૂા. ની લાગતથી તૈયાર થયેલા છે. પ્રતિમાજીની ચૈતન્યરસભીની મુદ્રા અત્યંત વીતરાગતા પ્રેરક છે,–ગુજરાતભરમાં જેમ અમદાવાદ સૌથી મોટું છે તેમ આ પ્રતિમાજી પણ સૌથી મહાન છે. આવા પ્રતિમાજીની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક મહોત્સવ માહ વદ ૧૩ થી ફાગણ સુદ પાંચમ સુધી ઊજવાયો...અમદાવાદ નગરી જૈનધર્મના પ્રભાવથી ગાજી ઊઠી...દેશભરમાંથી અનેક મુમુક્ષુઓએ ઉત્સવ નીહાળવા આવી પહોંચ્યા. અત્યંત ટૂંકા સમયમાં પણ અમદાવાદના મુમુક્ષુઓએ ઉત્સવની ભવ્ય તૈયારીઓ કરી. રાતદિન સૌને લગની હતી–પ્રભુજીને આંગણે પધરાવવાની.

એક તરફ ગુરુદેવ સવાર–બપોર અંતરના ચૈતન્યપરમાત્માનું સ્વરૂપ સમજાવતા હતા, તો બીજી તરફ એવા પરમાત્માની પધરામણીનો ભવ્ય ઉત્સવ ચાલતો હતો. ઉત્સવની મંગલ વિધિનો પ્રારંભ થયો–માહ વદ તેરસે.

માહ વદ તેરસની સવારમાં મંગલ મંત્રજાપનો પ્રારંભ થયો અને જિનમંદિરેથી ભવ્ય સરઘસપૂર્વક જિનેન્દ્રભગવાનને પ્રતિષ્ઠા–મંડપમાં–'પારસનગર' માં પધરાવીને વેદીમાં બિરાજમાન કર્યા. સારંગપુર દરવાજા પાસેના મેદાનમાં પારસનગરની ભવ્યરચના થઈ હતી. એના આંગણે બે હાથી ઝુલતા હતા. સુસજ્જિત વિશાળ મંડપની શોભા અનેરી હતી. રાત્રે તો ઝગઝગતા પ્રકાશમાં તે ઓર દીપી ઊઠતો. અને તેમાં જ્યારે જિનેન્દ્ર ભગવાન પધાર્યા ત્યારે તો સમવસરણનું સ્મરણ થઈ આવે એવી શોભા હતી. અને એ શોભાની વચ્ચે બેસીને હજારો શ્રોતાજનો ગુરુદેવના શ્રીમુખથી આત્માની પ્રભુતા સાંભળવા મશગુલ બનતા.

પ્રવચન પછી તરત પારસનગરના પ્રાંગણમાં શેઠશ્રી પુનમચંદ મલુકચંદના હસ્તે જૈનઝંડારોપણ થયું...અને પ્રતિષ્ઠામંડપમાં શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોનું પૂજન શરૂ

થયું સાંજે જિનેન્દ્રઅભિષેકપૂર્વક તે પૂજનવિધાન પૂર્ણ થયું. રાત્રે બાલવિભાગના સભ્યોએ સંવાદ દ્વારા તાત્ત્વિક ચર્ચા રજુ કરી હતી.

માહ વદ ૧૪ ના પ્રભાતમાં મંગલસૂચક નાંદિવિધાનની વિધિ થઈ. આ વિધિમાં સૌ. મુક્તાબેન ( કે જેઓ તીર્થંકરના માતાજી થયા હતા ) તેમના હસ્તે પ્રતિષ્ઠાવેદી ઉપર મંગલકુંભનું સ્થાપન થયું. ત્યારબાદ ગુરુદેવના આશીર્વાદપૂર્વક માતા–પિતા તથા ઇન્દ્રો અને કુબેરની પ્રતિષ્ઠા થઈ. ગુરુદેવે પ્રસન્નતાપૂર્વક મંગલ સંભળાવીને આશીર્વાદ આપ્યા. પ્રતિષ્ઠામહોત્સવમાં કુલ ૧૬ ઇન્દ્રો તથા ઇન્દ્રાણીઓની સ્થાપના થઈ હતી–જેમાં પ્રથમના બે ઇન્દ્રો ( સૌધર્મ તથા ઈશાન ઇન્દ્ર ) ભાઈશ્રી પુનમચંદ મલુકચંદ તથા જયંતિલાલ નથુભાઈ હતા; સમુદ્રવિજયજી પિતા અને શિવાદેવી માતા તરીકે નું સૌભાગ્ય ભાઈશ્રી નવલચંદ જગજીવન ( સોનગઢ ) તથા સૌ૦ મુક્તાબેનને મળ્યું હતું. ગુરુદેવના પ્રવચન બાદ ભાઈશ્રી નવલચંદભાઈએ તથા મુક્તાબેને સજોડે આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી હતી. ત્યારબાદ ઇન્દ્રપ્રતિષ્ઠાનું ભવ્ય સરઘસ નીકળ્યું અને ઇન્દ્રોએ જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી. બપોરે મૃત્તિકાનયન તથા અંકુરારોપણ વિધિ થઈ. રાત્રે બાલવિભાગના સભ્ય બહેનોએ જ્ઞાન–વૈરાગ્યભાવના સૂચક નાટક રજુ કર્યું હતું.

માહ વદ અમાસની સવારે પ્રવચન પછી ઇન્દ્રોએ નવ દેવતાનું પૂજન ( યાગમંડલવિધાન ) કર્યું હતું,–તેમાં અરિહંત ( ત્રણ ચોવીસીના તીર્થંકરો તેમજ વિદેહના વીસ તીર્થંકરો ) સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જિનાલય, જિનબિંબ, જિનવાણી ને જિનધર્મ એ નવ દેવોનું પૂજન કર્યું હતું. બપોર પછી જિનમંદિરની શુદ્ધિ માટેનું જલ ભરવાની જલયાત્રા નીકળી હતી, ને રાત્રે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાનાં દ્રશ્યો થયા હતા. પંચકલ્યાણક નેમિનાથ ભગવાનના થયા હતા. પ્રથમ મંગલાચરણ, બાદ જયંતવિમાનમાં નેમિનાથપ્રભુનો જીવ બિરાજે છે તે દ્રશ્ય થયું હતું; ત્યાં છ માસ આયુ બાકી રહેતાં માતાપિતાને આંગણે દેવો દ્વારા રત્નવૃષ્ટિ, કુમારીદેવીઓ દ્વારા માતાજીની સેવા, ઇન્દ્રો દ્વારા માતાપિતાનું બહુમાન, માતાજીને ૧૬ મંગલ સ્વપ્નો દ્વારા તીર્થંકરના અવતરણની આગાહી વગેરે દ્રશ્યો થયા હતા. આ મંગલ પ્રસંગ નીહાળવા પારસનગરમાં દસેક હજાર માણસો એકઠા થતા હતા.

ફાગણ સુદ એકમની સવારે માતાજી સાથે કુમારીદેવીઓની તત્ત્વચર્ચા, ૧૬ મંગલસ્વપ્નોનું સર્વોત્તમ ફળ, સમુદ્રવિજય મહારાજાની સભામાં આનંદ, ને ઇન્દ્રલોકમાં પણ આનંદ વગેરે ભાવો દેખાડવામાં આવ્યા હતા. બપોરે જિનમંદિરની વેદીશુદ્ધિ, ધ્વજ–કળશ શુદ્ધિ, મંદિર શુદ્ધિ થઈ હતી.

( બાકી આવતા અંકે )

# અમદાવાદ પછીનો કાર્યક્રમ

* ફાગણ સુદ ૬ તા. ૨૨–૨–૬૯ શનિવારે અમદાવાદથી મંગલપ્રસ્થાન કરીને દહેગામ; ત્યારપછી તા. ૨૩ રખિયાલ; તા. ૨૪–૨૫ તલોદ, તા. ૨૬ મુનઈ.
* રણાસણમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવ (ફા. સુ. ૧૧ થી ફા. વદ બીજ સુધી તા. ૨૭ ફેબ્રુ. થી ૬ માર્ચ સુધી)
* રણાસણ પછી તા. ૭–૮ હિંમતનગર; તા. ૯ નરસિંહપુરા–જહર; તા. ૧૦–૧૧–૧૨ ફતેપુર. (રાતે અમદાવાદ) તા. ૧૩ ફાગણ વદ દસમ બરવાળા; તા. ૧૪ થી ૧૭ સાવરકુંડલા (તા. ૧૬ કાનાતળાવમાં જિનાલયનું શિલાન્યાસ)
* રાજકોટ (તા. ૧૮ થી ૩૦ માર્ચ સુધી; ફાગણ વદ ૦) ) થી ચૈત્ર સુદ ૧૨
* ચૈત્ર સુદ ૧૩ સુરેન્દ્રનગર,

ત્યારપછી એપ્રિલ તા. ૧ અમદાવાદ; તા. ૨ વડોદરા; તા. ૩ મીંયાગામ

તા ૪ થી ૭ પાલેજ; તા. ૮–૯ સુરત; તા ૧૦ બિલિમોરા; તા. ૧૧ થાણા

* ૧૨–૪–૬૯ ચૈત્ર વદ ૧૧ શનિવારે મુંબઈનગરીમાં મંગલપ્રવેશ અને ભવ્ય સ્વાગત.

મુંબઈનગરીમાં વૈશાખ સુદ બીજે ગુરુદેવની જન્મજયંતિનો રત્નચિંતામણિ–ઉત્સવ; તથા જિનબિંબ પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક–મહોત્સવ; વૈશાખ સુદ સાતમે મલાડના દિ. જિનમંદિરમાં પ્રતિષ્ઠા; વૈશાખ સુદ આઠમે ઘાટકોપરના દિ. જિનમંદિરમાં પ્રતિષ્ઠા; આ ઉપરાંત દાદર અને ઝવેરી બજારના જિનમંદિરોનો વાર્ષિક ઉત્સવ છે.

---

## ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ભેટ-પુસ્તક

જામનગરવાળા સ્વ. રતિલાલ નેમચંદ પારેખના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રી ગંગાબેન તરફથી શ્રી ‘સમયસાર–કલશ’ શાસ્ત્ર (ગુજરાતી) તા. ૩૧–૧૨–૬૮ સુધીમાં થયેલા ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવા જાહેર કરેલ છે.

તે મુજબ આ ભેટ–પુસ્તક જે જે ગામોમાં દિ. જૈન મુમુક્ષુ મંડળ કે દિગંબર જૈન સંઘ છે ત્યાં મોકલાઈ ગયા છે તો દરેક ગ્રાહકો પોતાના મંડળમાંથી તે ભેટ–પુસ્તક મેળવી લેવા વિનંતી છે. જ્યાં મુમુક્ષુ મંડળ નથી ત્યાં આ પુસ્તકો સીધા પોસ્ટથી મોકલવામાં આવશે.

**દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# વીતરાગવિજ્ઞાન (છહઢાળા પ્રવચનો): ભાગ ૧

પં. શ્રી દૌલતરામજી રચિત સુપ્રસિદ્ધ છહઢાળા ઉપર પૂ. ગુરુદેવે જે અધ્યાત્મપ્રવચનો કર્યા તે ‘વીતરાગવિજ્ઞાન’ પુસ્તકરૂપે છપાય છે; છ ઢાળના છ પુસ્તકો થવાના છે, તેમાંથી પહેલું પુસ્તક છપાઈને પ્રસિદ્ધ થઈ ચુક્યું છે. આ પ્રવચનો અત્યંત સુગમ હોવા છતાં ખૂબ ભાવભીનાં છે, નાના બાળક કે મોટા વૃદ્ધ સૌ કોઈને ઉપયોગી થાય તેવું સુંદર સંકલન છે, તેમજ સાથે પ્રસંગોચિત ચિત્રોથી પુસ્તક શોભાયમાન છે. છેલ્લે પુસ્તકના દોહનરૂપે બસો ટૂંકા પ્રશ્ન–ઉત્તર આપેલ છે તે પણ અભ્યાસ કરવામાં ખાસ ઉપયોગી છે. આ પુસ્તક લગભગ અડધી કિંમતે (પચાસ પૈસે) આપવાનું નક્કી થયું છે. તેમજ તા. ૧૫–૨–૬૯ સુધી થયેલા આત્મધર્મના ગ્રાહકોને તે સ્વ. ભાઈશ્રી વૃજલાલ નાગરદાસ મોદીની સ્મૃતિમાં તેમના ભાઈઓ તરફથી ભેટ આપવામાં આવશે. આ પુસ્તકમાં પૃ. ૩૯ માં ‘એક મિનિટમાં હજારો વાર જન્મ–મરણ કરીને’ એમ ભૂલથી લખાઈ ગયું છે, ત્યાં ‘હજારો’ ને બદલે ‘સેંકડો’ એમ સુધારીને વાંચવું.

પુસ્તક ભેટ મેળવવા માટેનું “કુપન” આ અંકની સાથે જ છે, તે કુપન બતાવીને આપ આપનું ભેટપુસ્તક નીચેના સ્થળોએથી મેળવી લેશોજી. બધાય ગ્રાહકોને આ અંકની સાથે ભેટકુપન મોકલેલ છે, છતાં કોઈકને ન મળ્યું હોય તો તેમણે તા. ૧૦ માર્ચ સુધીમાં ખબર આપવા, ત્યાર પછીની ફરિયાદો ઉપર લક્ષ આપવાનું મુશ્કેલ છે.

મુંબઈ, રાજકોટ, રણાસણ, અમદાવાદ, સોનગઢ, દિલ્હી, કલકત્તા.

શ્રી દિગંબર જૈનસ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૫૦૦)